


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 141
Dt.: 28-03-2026,
Saturday
Page:04
Rs.00.50 paisa


### મિડલ ઈસ્ટ તણાવ અને અફવાઓ વચ્ચે સ્પષ્ટતા

# કેન્દ્ર સરકારની સ્પષ્ટતા, દેશમાં નહિ લાગે લોકડાઉન

## કેન્દ્રીય મંત્રી હરદીપ પુરીએ દેશને ઉર્જા સુરક્ષા અને આવશ્યક પુરવઠો સુનિશ્ચિત કરવાની ખાતરી આપી છે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ સોશિયલ મીડિયા પર સરકાર દ્વારા ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે લેવામાં આવેલા પગલાં અને લોકડાઉનની અફવાઓ અંગે એક પોસ્ટ શેર કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વૈશ્વિક પરિસ્થિતિ અનિશ્ચિત છે અને અમે ઉર્જા, સપ્લાય ચેઈન અને આવશ્યક ચીજવસ્તુઓ સંબંધિત પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ.

કેન્દ્રીય મંત્રી હરદીપ પુરીએ વધુમાં જણાવ્યું હતું કે, પીએમ મોદીના નેતૃત્વમાં, સરકાર દેશમાં ઈંધણ, ઊર્જા અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે તેઓ કોઈપણ સંભવિત પડકારોનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. હરદીપ પુરીએ જણાવ્યું હતું કે, ભારતે વૈશ્વિક અનિશ્ચિતતા સામે સ્થિતિસ્થાપકતા દર્શાવી છે, અને સમયસર, સક્રિય અને સંકલિત પગલાં લેવાનું ચાલુ રાખશે.

તેમણે જણાવ્યું હતું કે લોકડાઉન વિશે ફેલાતી અફવાઓ સંપૂર્ણપણે ખોટી છે. "હું સ્પષ્ટ કરવા માંગુ છું કે સરકારી સ્તરે આવો કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી," . તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવા સમયમાં, આપણા બધા માટે શાંત, જવાબદાર અને એકતાભર્યું રહેવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. આવી પરિસ્થિતિમાં અફવાઓ ફેલાવવી અને બિનજરૂરી ભય પેદા કરવો એ બેજવાબદારીભર્યું અને નુકસાનકારક છે. ગત એક મહિનામાં આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચ્યા હતા, જે લગભગ **$70** પ્રતિ બેરલથી વધીને **$122** પ્રતિ બેરલ થયા છે. પરિણામે, વિશ્વભરના ગ્રાહકો માટે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થયો છે. તેમણે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે દક્ષિણપૂર્વ એશિયામાં ભાવમાં આશરે ૩૦% થી ૫૦%, ઉત્તર અમેરિકામાં ૩૦%, યુરોપમાં ૨૦% અને આફ્રિકામાં ૫૦%નો વધારો થયો છે.

હરદીપ પુરીએ કહ્યું કે મોદી સરકાર પાસે બે વિકલ્પો હતાઃ કાં તો નાગરિકો માટે ભાવમાં નોંધપાત્ર વધારો કરવો, જેમ કે અન્ય તમામ દેશોએ કર્યો છે, અથવા પોતાના નાણાં પર બોજ ઉઠાવવો, જેથી સામાન્ય માણસ આંતરરાષ્ટ્રીય બજારની અસ્થિરતાથી સુરક્ષિત રહે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે વડા પ્રધાને સ્પષ્ટ કરી દીધું છે કે ગભરાવાની કોઈ જરૂર નથી. ભારત સરકાર પરિસ્થિતિને સંપૂર્ણપણે નિયંત્રિત કરી છે અને ખાતરી કરી રહ્યા છે કે સામાન્ય લોકોને કોઈ અસુવિધાનો સામનો ન કરવો પડે. ટોચના સ્તરથી લઈને નીચેના સ્તર સુધી, વડા પ્રધાન પોતે વ્યક્તિગત રીતે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

### વિદેશ મંત્રી જયશંકરે આ મુદ્દો ઉઠાવ્યો

# G7માં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા મહાયુદ્ધના મામલે મંથન



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ફ્રાન્સમાં **S-7** વિદેશ મંત્રીઓની બેઠક ચાલી રહી છે. વિદેશ મંત્રી એસ.જયશંકર તેમાં સામેલ થયા છે. તેમણે સંપ્રભુતા અને સમુદ્રી રસ્તાની સુરક્ષા પર વાત કરી. હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની મુક્ત અવરજવર સૌથી મહત્ત્વનો મુદ્દો છે. પશ્ચિમ એશિયામાં ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલની જંગ ચાલુ છે. તેનાથી આખી દુનિયા પર ભારે ઊર્જા સંકટ છવાઈ ગઈ છે.

**S-7** વિદેશ મંત્રીઓની બેઠકમાં સંપ્રભુતા અને સમુદ્રી માર્ગો ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની સ્વતંત્ર અવરજવર પર વિદેશ મંત્રી જયશંકરે વાત કરી છે. તેમણે **S-7** વિદેશ મંત્રીઓની બેઠકના સત્રમાં ક્રોસ કટિંગ ખતરો અને સંપ્રભુતા સાથે જોડાયેલા મુદ્દા પર ચર્ચા કરી.

વિદેશ મંત્રીએ પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈઝરાયેલ સાથે ઈરાનના જંગની વચ્ચે વૈશ્વિક આર્થિક સુરક્ષા માટે સમુદ્રી માર્ગોની સ્વતંત્ર અવરજવરના મહત્ત્વને રેખાંકિત કર્યું છે. તેની સાથે જ તેમણે નાર્કો-ટેરરના ખતરા પર પણ ચિંતા વ્યક્ત કરી છે.

ક્રિટિકલ મિનરલ્સના મામલામાં તેની વેલ્યૂ ચેનમાં સહયોગ વધારવા માટે ચાલી રહેલા પ્રયાસોના પણ વિદેશ મંત્રીએ વખાણ કર્યા. **S-7** દેશો સાથે જયશંકર પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ અને તેના કારણે આખી દુનિયા પર છવાયેલા ઊર્જા સંકટને દૂર કરવાના ઉપાયો પર ચર્ચા કરવા પહોંચ્યા છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે એક દિવસ પહેલા ૨૬ માર્ચના રોજ ફ્રાન્સમાં આયોજિત **S-7** વિદેશ મંત્રીઓની બેઠકમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારો, શાંતિ સ્થાપનાના અભિયાનોને સુવ્યવસ્થિત કરવા અને માનવીય સહાયતાની સપ્લાયને મજબૂત કરવાની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો હતો.

જો કે, ભારત **S-7**નું સભ્ય નથી, પણ આ પ્રભાવશાળી સમૂહના હાલના અધ્યક્ષ ફ્રાન્સે તેને ભાગીદાર દેશ તરીકે આમંત્રિત કર્યા છે. આ બેઠકમાં અમેરિકા, કેનેડા, જર્મની, ઈટલી, ફ્રાન્સ, જાપાન અને બ્રિટનના ટોચના રાજદ્વારીઓ ભાગ લઈ રહ્યા છે. ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટને લગભગ બંધ કરી દીધા બાદથી વૈશ્વિક સ્તર પર ઓઈલ અને ગેસની કિંમતોમાં ઉછાળો આવ્યો છે. આ ફારસની ખાડી અને ઓમાનની ખાડી વચ્ચેનો એક સાંકડો દરિયાઈ માર્ગ છે. જેમાંથી દુનિયાના લગભગ ૨૦ ટકા ઓઈલ અને એલએનજીની અવરજવર થાય છે. પશ્ચિમ એશિયા, ભારતની ઊર્જા ખરીદનો આ એક મુખ્ય સ્રોત છે.

### ડોનાલ્ડ ટ્રમ્પે કરી મોદીની પ્રશંસા કરી

# અમારા સંબંધો ભવિષ્યમાં વધુ મજબૂત બનશેઃ ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ઈરાન યુદ્ધ વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પીએમ મોદીની ખુબ જ પ્રશંસા કરી છે. ટ્રમ્પે કહ્યું કે પીએમ મોદી એવા નેતા છે, જે કોઈપણ કામને પરિણામ સુધી પહોંચાડે છે. ટ્રમ્પે સીધી રીતે આ વાત નથી કહી, પરંતુ ભારતમાં આવેલા અમેરિકી દૂતાવાસે ટ્રમ્પના નિવેદનને શેર કર્યું છે. અમેરિકી દૂતાવાસે પીએમ મોદીની પ્રશંસા કરતા ટ્રમ્પના નિવેદનને **X** પર પોસ્ટ કર્યું છે. તેમાં પીએમ મોદીને કામ કરીને બતાવે એવા નેતા તરીકે વર્ણવ્યા છે. હકીકતમાં, ભારતમાં અમેરિકી દૂતાવાસે શુક્રવારે ડોનાલ્ડ ટ્રમ્પના એ નિવેદનોને હાઈલાઈટ કર્યા હતા, જેમાં તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી છે. અમેરિકી દૂતાવાસ અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પે પીએમ મોદીને એવા નેતા તરીકે વર્ણવ્યા છે, જે કામ કરીને બતાવે છે. એટલું જ નહીં, દૂતાવાસે આ વિશ્વાસ પણ વ્યક્ત કર્યો છે કે આવનારા વર્ષોમાં ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે અમેરિકી દૂતાવાસની સોશિયલ મીડિયા પોસ્ટ લોકોનું ધ્યાન ખેંચી રહી છે. આ પોસ્ટમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું છે કે, "ભારત સાથે અમારા શાનદાર સંબંધો ભવિષ્યમાં વધુ મજબૂત બનશે. વડાપ્રધાન મોદી અને હું, અમે બંને એવા લોકો છીએ જે કામ કરીને બતાવીએ છીએ, આવી વાત મોટાભાગના લોકો વિશે કહી શકાય તેમ નથી." આ વાતચીત મંગળવારે બંને નેતાઓ વચ્ચે થયેલી ફોન કોલ પછી સામે આવી છે, જેમાં ઈરાન સંઘર્ષ મુખ્ય મુદ્દો હતો. આ કોલ પછી પીએમ મોદીએ પશ્ચિમ એશિયામાં શાંતિ અને વૈશ્વિક વેપાર માટે હોર્મુઝના વ્યૂહાત્મક મહત્વ પર ભારતની સ્થિતિ ફરીથી સ્પષ્ટ કરી છે.ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે ઈરાનમાં યુદ્ધ ચાલી રહ્યું છે.




# તંત્રી લેખ......

## અસ્થિરતા વધવાની અપેક્ષા

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલ યુદ્ધ તેના ચોથા અઠવાડિયામાં પ્રવેશી ગયું છે, અને સમાપ્ત થવાના કોઈ સંકેત દેખાતા નથી. આ સંઘર્ષ, પશ્ચિમ એશિયામાં સામાન્ય લશ્કરી મુકાબલાને બદલે, દબાણ અને રાજદ્વારીના પરિચિત જગદમન કાર્યને પ્રતિબિંબિત કરે છે. યુએસ લાંબા સમયથી ઈરાન સામે આ યુક્તિઓનો ઉપયોગ કરે છે. આ યુદ્ધ તેમનું વિસ્તરણ હોય તેવું લાગે છે. જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, જે તેમના ભવ્ય ઘોષણાઓ માટે જાણીતા છે, તેમણે એક વ્યાપક ઉકેલનો સંકેત આપ્યો છે, તે પણ સાચું છે કે યુદ્ધ અંગેની રેખાઓ ઝાંખી થઈ રહી છે.

આ ધુમ્મસમાં, યુદ્ધનો હેતુ અને પરિણામ બંને અસ્પષ્ટ રહે છે. અમેરિકાએ પહેલાથી જ ઈરાન પર કેટલાક મુદ્દાઓ પર દબાણ કર્યું હતું, જેમ કે યુરેનિયમ સંવર્ધન બંધ કરવું, તેના પરમાણુ કાર્યક્રમને સંપૂર્ણ રીતે બંધ કરવો અને તેના પ્રાયોજિત પ્રોક્સી સંગઠનોને તોડી પાડવા. આ એવી શરતો હતી જેના માટે ઈરાન ક્યારેય સંમત થશે નહીં. એકમાત્ર વિકલ્પ યુદ્ધ બાકી હતો, જે ઈઝરાયલ દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો અને અમેરિકા દ્વારા સમર્થિત હતો. આ એક પરંપરાગત ઉશ્કેરણીજનક ક્રમ પર ભાર મૂકે છે, જેમાં રાજદ્વારીને પહેલા અલ્ટીમેટમ તરીકે રજૂ કરવામાં આવે છે અને પછી લશ્કરી કાર્યવાહી માટે આધાર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. બીજી બાજુ, ઈરાને તેની પરમાણુ મહત્વાકાંક્ષાઓને નકારી કાઢી છે, પરંતુ આ ક્ષેત્રમાં તેની ભૂમિકાને વિસ્તૃત કરવાની તેની મહત્વાકાંક્ષાઓ અને તેની સતત વધતી જતી ક્ષમતાઓએ કેટલીક શંકાઓ ઉભી કરી છે. યુદ્ધની આસપાસ વધતી જતી અનિશ્ચિતતા સાથે, ટ્રમ્પનું વલણ બદલાતું દેખાય છે. ૨૩ માર્ચે, ટ્રમ્પે જાહેરાત કરી કે તેમણે ઈરાન સાથે "ખૂબ જ સારી અને ઉત્પાદક વાટાઘાટો" કરી છે. અગાઉ, તેમણે ઈરાની ઉર્જા સ્થાપનો પર હુમલો કરવા માટે અલ્ટીમેટમ આપ્યું હતું, અને પછી, વાટાઘાટોનો ઉલ્લેખ કરીને, વાટાઘાટોને પાંચ દિવસ માટે મુલતવી રાખવાની ઓફર કરી હતી. જોકે, ઈરાને ટ્રમ્પની વાટાઘાટોની યુક્તિઓને ઝડપથી નકારી કાઢી હતી. ઈરાને પહેલાથી જ અમેરિકાના ૧૫-મુદ્દાના એજન્ડાને નકારી કાઢ્યો છે અને પાંચ સ્પષ્ટ માંગણીઓ રજૂ કરી છે. આ પ્રક્રિયાના પરિણામ ગમે તે હોય, અમેરિકાએ વારંવાર પુનરાવર્તન કર્યું છે કે ઈરાનને કોઈપણ કિંમતે પરમાણુ શસ્ત્રો મેળવવા દેવામાં આવશે નહીં. આ પુનરાવર્તન રાજદ્વારીને સ્પષ્ટ હેતુ આપે છે. આ બધા વચ્ચે, આ વાટાઘાટોની આસપાસનું વાતાવરણ પણ નોંધપાત્ર છે, જેમ કે મધ્યસ્થી તરીકે પાકિસ્તાનની ભૂમિકા અને ઈરાની સંસદના સ્પીકર અને ટ્રમ્પના ખાસ પ્રતિનિધિઓ વચ્ચે ઈસ્લામાબાદમાં સંભવિત બેઠક વિશેની અટકળો.

આમાં કેટલું સત્ય છે તે જાણી શકાયું નથી, પરંતુ એ ચોક્કસ છે કે રાજદ્વારી વિકલ્પોની શોધ કરવામાં આવી રહી છે. બધા જૂથોમાંથી વાણી-વર્તનને દબાણ લાવવા અને તેનો સામનો કરવાના બંને માધ્યમ તરીકે જોઈ શકાય છે. વર્તમાન પરિસ્થિતિ ટ્રમ્પની જાણીતી શૈલી સાથે સુસંગત છે, જ્યાં તે મહત્તમ દબાણ દ્વારા સોદાબાજીને પ્રાથમિકતા આપે છે. આ દબાણ વ્યૂહરચના લાંબા સમયથી ઈરાનને અસ્થિર બનાવનાર દેશ તરીકે દર્શાવતી આવી છે, ખાસ કરીને તેની પરમાણુ ક્ષમતાઓ અને ઈઝરાયલના અસ્તિત્વ માટે તેમના દ્વારા ઉભા થતા સતત ખતરા તરીકે. આ વાર્તામાં, લશ્કરી કાર્યવાહીને રક્ષણાત્મક અને આક્રમક બંને રીતે રજૂ કરવામાં આવી છે. પહેલું ઈરાનને સજા આપવાનું છે અને બીજું તેની ક્ષમતાઓને એટલી હદે ખતમ કરી દેવાનું છે કે તેની પાસે વાટાઘાટો સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. પછી કોઈપણ સંભવિત કરારને સદ્ભાવનાના સંકેત તરીકે દર્શાવવામાં આવે છે, પરંતુ તે ઈરાન પાસે કોઈ વિકલ્પ નથી. જો કોઈપણ સંભવિત વાટાઘાટોમાં સમૃદ્ધ યુરેનિયમ દૂર કરવાનો મુદ્દો આવે છે, તો સાર્વભૌમત્વનો પ્રશ્ન પણ ઉભો થશે, જેનાથી આવા પગલા શક્ય બનશે કે કેમ તે અંગે પ્રશ્નો ઉભા થશે. તેહરાનમાં આ અંગે સંમતિ સાધવાની શક્યતા ઓછી લાગે છે. ઔપચારિક વાટાઘાટો કરવાનો ઈરાનનો સ્પષ્ટ ઈનકાર શંકા અને તણાવ બંનેને પ્રકાશિત કરે છે. ઈઝરાયલને ડર છે કે તણાવ ઓછો કરવાથી મહેનતથી મેળવેલી સિદ્ધિઓનું મહત્વ ઘટશે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોનાના વાયદામાં રૂ.૨૦૯૫, ચાંદીના વાયદામાં રૂ.૨૫૯૭ અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૦૨ની વૃદ્ધિ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૦૪૮૫.૮૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૬૭૫૦૪.૭૮ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૨૬૨૭.૯૨ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૪૪૩૩ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૯૭૯૯૨.૯૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૦૪૮૫.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૬૭૫૦૪.૭૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૪૪૩૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૬૮૪.૬૨ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૨૬૨૭.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૦૨૮૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૨૮૦૦ અને નીચામાં રૂ.૧૪૦૨૮૭ના મથાળે અથડાઈ, રૂ.૧૩૯૪૯૩ના આગલા બંધ સામે રૂ.૨૦૯૫ વધી રૂ.૧૪૧૫૮૮ થયો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૩૭૧ વધી રૂ.૧૧૩૮૫૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૮૧ વધી રૂ.૧૪૩૦૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૩૦ વધી રૂ.૧૪૧૭૫૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૧૦૩૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૨૮૮૩ અને નીચામાં રૂ.૧૪૦૩૮૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૯૮૨૬ના આગલા બંધ સામે રૂ.૨૦૯૭ વધી રૂ.૧૪૧૯૨૩ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૨૪૨૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૨૭૯૦૧ અને નીચામાં રૂ.૨૨૨૩૦૦ના મથાળે અથડાઈ, રૂ.૨૧૯૮૭૪ના આગલા બંધ સામે રૂ.૨૫૯૭ વધી રૂ.૨૨૨૪૭૧ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૨૦૩૪ વધી રૂ.૨૨૬૪૦૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૨૧૮૧ વધી રૂ.૨૨૬૫૮૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૧૫૯.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૧૫.૩૫ વધી રૂ.૧૧૩૬.૫૫ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ વાયદો ૬૦ પૈસા વધી રૂ.૩૦૮.૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૨.૨ વધી રૂ.૩૩૫.૨ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો રૂ.૧.૦૫ ઘટી રૂ.૧૯૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૬૪૮.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૦૦૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૩૧ અને નીચામાં રૂ.૩૯૭૨ના સ્તરને સ્પર્શી, રૂ.૩૨ વધી રૂ.૪૦૧૬ થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૮૮૬૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૨૫૦ અને નીચામાં રૂ.૮૮૨૦ના સ્તરને સ્પર્શી, રૂ.૮૯૯૯ના આગલા બંધ સામે રૂ.૨૦૨ વધી રૂ.૯૨૦૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૨૦૭ વધી રૂ.૯૨૦૬ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૮ વધી રૂ.૨૮૯.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૮.૨ વધી રૂ.૨૮૯.૪ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૯૩.૮ના ભાવે ખૂલી, રૂ.૫.૨ વધી રૂ.૧૦૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૪૫૦ના ભાવે ખૂલી, રૂ.૬ વધી રૂ.૨૪૫૮ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૫૯૭૮.૧૮ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૬૪૯.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૭૬૯.૮૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯૭.૬૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૪.૭૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૧૭૧.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૭.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૯૪૩.૯૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬૬૬.૩૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૬.૭૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૨૨ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૧૩૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૫૦૫૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૭૩૨૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૫૭૯૩૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૮૭૩૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૬૯૧૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૩૦૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૬૦૧૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૨૭૫ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૦૬૦૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫૫૫૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૪૪૧૭ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૪૮૧૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૪૪૧૭ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૪૪ પોઈન્ટ વધી ૩૪૪૩૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૧૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૮.૫ વધી રૂ.૨૧૭.૧ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૩ વધી રૂ.૨૧.૨૫ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨.૫ વધી રૂ.૭૭૨.૫ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૪ વધી રૂ.૧૬૪૩.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૭૩ વધી રૂ.૧૭.૦૪ થયો હતો. જસત એપ્રિલ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨ વધી રૂ.૪.૫ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૮૭.૩ ઘટી રૂ.૭૯૩.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૩૫ ઘટી રૂ.૧૬.૩૫ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭ ઘટી રૂ.૪૨૭ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૬૧.૫ ઘટી રૂ.૮૦૧૬.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૨૫ ઘટી રૂ.૧૮.૩ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૬૬ પૈસા વધી રૂ.૧.૫ના ભાવે બોલાયો હતો.

### પરિવારના સભ્યો વચ્ચે મિલકતો વહેંચણીની સરળતા થતાં વિવાદ અને કોર્ટ કેસમાં ઘટાડો થશે

# વારસાઈ સંબંધિત જમીન વ્યવહારોમાં સ્ટેમ્પ ડ્યુટીમાં રાહત આપતો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો ખેડૂતો અને પ્રજાહિતકારી નિર્ણય

### જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યુટીની જોગવાઈમાં રાહત આપીને રૂા.૩૦૦ની ટોકન સ્ટેમ્પ ડ્યુટી લેવાનો ખેડૂત પ્રજાહિતલક્ષી નિર્ણય

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સીધી લીટીના અને આડી લીટીના વારસદારો વચ્ચે થતા જમીન સંબંધિત આંતરિક વ્યવહારો માટે જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યુટીની જોગવાઈઓમાં રાહત આપવાનો પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ સમાજના વિવિધ અગ્રણીઓ, કિસાન સંઘ તથા ખેડૂત સંગઠનો દ્વારા કરવામાં આવેલી રજૂઆતનો તેમણે સકારાત્મક પ્રતિસાદ આપીને આ ખેડૂત તથા પ્રજા હિતકારી નિર્ણય કર્યો છે.

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની કલમ ૯ હેઠળ રાજ્ય સરકારને સ્ટેમ્પ ડ્યુટી ઘટાડવા અથવા માફ કરવા મળેલી સત્તા અન્વયે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ખેતીની જમીન અંગેના કેટલાક કિસ્સાઓમાં જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યુટીની જોગવાઈઓમાંથી રાહત આપીને રૂપિયા ૩૦૦ ટોકન સ્ટેમ્પ ડ્યુટી લાગુ કરવાનો નિર્ણય કર્યો છે.

આ મહત્વપૂર્ણ નિર્ણય અનુસાર વારસાઈની નોંધ/નોંધો હેઠળના સંયુક્ત કબજેદારો પૈકીના કોઈ એક અથવા વધુ વારસો (મરણ જનાર મુળ ખાતેદારના સીધી લીટીના કેસમાં એક પણ વારસ હયાત ન હોય તો આડી લીટીના વારસો) દ્વારા અન્ય એક કે વધુ વારસદારોની તરફેણમાં એક અથવા વધુ તબક્કાઓમાં હકક ઉઠાવવાના કિસ્સામાં પ્રત્યેક હકક ઉઠાવવા/કમીના લેખ પર રૂ.૩૦૦/- સ્ટેમ્પ ડયુટી લેવાશે.

જો સીધીલીટીના વારસો હયાત હોય તો તે પૈકીના એક યા વધુના નામ એક અથવા વધુ તબક્કાઓમાં દાખલ કરવાના કિસ્સામાં, સીધીલીટીના એક પણ વારસ હયાત ન હોય તો આડીલીટીના હયાત પૈકીના એક યા વધુ વારસોના નામ દાખલ કરવાના કિસ્સામાં પ્રત્યેક હયાતીમાં હકક દાખલના લેખ પર રૂ.૩૦૦/- સ્ટેમ્પ ડયુટી વસૂલ કરવામાં આવશે.

સમયના ક્રમાનુસાર એક યા વધુ તબક્કે વારસાઈ નોંધ/નોંધો અન્વયે દાખલ થયેલ સંયુક્ત ખાતેદારો દ્વારા એક અથવા વધુ તબક્કે વહેંચણી કરવામાં આવે (આવી વારસાઈથી સીધીલીટી અથવા તેની હયાતી ન હોય ત્યારે આડીલીટીના વારસો દાખલ થયેલ હોઈ શકે) પ્રત્યેક વહેંચણીના લેખ પર રૂ.૩૦૦/- સ્ટેમ્પ ડયુટી લેવાશે.

★આ ઉપરાંત ખેતીની જમીનો માટે જે જોગવાઈ કરવામાં આવી છે તેમાં:

જે કિસ્સામાં સીધીલીટીના એક પણ વારસ હયાત ન હોય તો જ આડીલીટીના પ્રકારના એક કે વધુ વારસદારોની તરફેણમાં એક અથવા વધુ તબક્કાઓમાં હકક ઉઠાવવો, હયાતીમાં નામ/હક્ક દાખલ કરવા તથા વહેંચણી અંગે, ઉક્ત દર્શાવેલ પ્રત્યેક તબદીલી લેખ રૂ.૩૦૦/- સ્ટેમ્પ ડયુટી વસુલી વિનિયમિત કરવાની રહેશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના આ પ્રજાલક્ષી નિર્ણયના પરિણામે પરિવારના સભ્યો વચ્ચે મિલકત વહેંચણી સરળ બનવાથી કોર્ટ કેસ અને વિવાદોમાં ઘટાડો થશે, કાયદેસર દસ્તાવેજીકરણમાં વધારો થશે અને હાલમાં સ્ટેમ્પ ડ્યુટી વધુ હોવાથી જે ઘણા વ્યવહારો બિનદસ્તાવેજી રહે છે. તેમાં આ સુધારા પછી લોકો સરળતાથી નોંધણી કરાવશે.

એટલુ જ નહિ, ખેડૂતોને ખેતીની જમીનની વારસાઈ મિલકતના વહેંચાણમાં આર્થિક ભાર ઓછો પડવાથી મોટી રાહત મળશે અને પારદર્શિતા અને સ્પષ્ટતાનો ધ્યેય સાકાર થશે એટલે કે, હકક પત્રક (record of rights) વધુ સ્પષ્ટ બનશે અને જમીનના માલિકી હક્ક અંગેની ગેરસમજ ઘટશે. આ રૂ.૩૦૦/-ની સરળ સ્ટેમ્પ ડ્યુટીથી પ્રક્રિયા ઝડપી અને વ્યવહારિક બનશે અને લોકોને વ્યવહારોમાં વધુ સરળતા થવાથી ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વેગ મળશે.


### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૨૭/૦૩/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૫૧૩૭ | ૪૨૨.૦૦ | ૬૧૬.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૩ | એરંડા | ૩૫૯ | ૧,૩૦૦.૦૦ | ૧,૩૦૯.૦૦ |
| ૪ | બાજરી | ૦ | ૪૦૦.૦૦ | ૪૪૫.૦૦ |
| ૫ | મકાઇ | ૯૦ | ૩૬૦.૦૦ | ૪૦૦.૦૦ |
| ૬ | ચણા | ૧૩૩ | ૧,૦૦૦.૦૦ | ૧,૦૫૦.૦૦ |
| ૭ | ચણા (કાબુલી ) | ૨૨૩ | ૧,૨૭૫.૦૦ | ૧,૮૫૨.૦૦ |
| ૮ | સોયાબીન | ૧૪ | ૯૭૦.૦૦ | ૧,૦૪૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com


## ઓપરેશન "રેલ પ્રહરી": સંવેદનશીલ મામલે તાત્કાલિક કાર્યવાહી




પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના રેલવે સુરક્ષા બળ (આરપીએફ) દ્વારા "ઓપરેશન રેલ પ્રહરી" અંતર્ગત ઉચ્ચ સ્તરની સતર્કતા અને ત્વરિત સમન્વય દ્વારા એક સગીર બાળકીના અપહરણ સંબંધિત ગંભીર પ્રકરણનું સફળતાપૂર્વક ઉકેલ લાવી પીડિતાની સુરક્ષા સુનિશ્ચિત કરી. ઉલ્લેખનીય છે કે તારીખ ૨૬.૦૩.૨૦૨૬ના રોજ વર્સોવા પોલીસ સ્ટેશન મુંબઈ માં ખાતે અપરાધ સંખ્યા ૦૩૨૫/૨૦૨૬, કલમ ૧૩૭(૨) ભારતીય ન્યાય સંહિતા **(BNS)** હેઠળ સગીર બાળકીના અપહરણનો કેસ નોંધાયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ, અપહરણ કરાયેલ સગીર ને એક યુવાન દ્વારા ટ્રેન સંખ્યા ૧૨૪૮૦ (સૂર્યનગરી એક્સપ્રેસ) ના જનરલ શ્રેણીના કોચમાં અમદાવાદ તરફ લઈ જવામાં આવી રહી હતી. મામલાની સંવેદનશીલતા અને ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરપીએફ અમદાવાદ દ્વારા તાત્કાલિક બહુસ્તરીય દેખરેખ અને સંકલિત કાર્યવાહી શરૂ કરવામાં આવી. સંબંધિત શંકાસ્પદની વિગત અને ફોટોગ્રાફનો તાત્કાલિક પ્રસાર કરી તમામ બીટ સ્ટાફને એલર્ટ કરવામાં આવ્યા તેમજ વાયરલેસ સંચાર માધ્યમો દ્વારા સતત દેખરેખ સુનિશ્ચિત કરવામાં આવી. ટ્રેનના અમદાવાદ સ્ટેશન પર આગમન બાદ, રેલવે સુરક્ષા દળ, અમદાવાદના નિરીક્ષક શ્રી પ્રવીણ કુમારના માર્ગદર્શન હેઠળ ઉપનિરીક્ષક શ્રી પિયુષ ચૌધરીના નેતૃત્વમાં હેડ કૉન્સ્ટેબલ મહેન્દ્ર સિંહ, મહેશ પરમાર, રાકેશ સિંહ તથા કૉન્સ્ટેબલ પ્રદીપ દ્વારા સુનિયોજિત અને સઘન તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું. અભિયાન દરમિયાન ઉપલબ્ધ વિગતોના આધારે શંકાસ્પદ યુવાન અને સગીર બાળકીની ઓળખ કરી તેમને કાયદેસર કસ્ટડીમાં લેવામાં આવ્યા. ત્યારબાદ કરવામાં આવેલી પૂછપરછમાં સગીર (ઉંમર ૧૬ વર્ષ, રહેવાસી અંધેરી પશ્ચિમ, મુંબઈ) અને આરોપી યુવાન શિવમ (ઉંમર ૧૯ વર્ષ, રહેવાસી રાયબરેલી, ઉત્તર પ્રદેશ) દ્વારા ઘરેથી ભાગી આવ્યાની પુષ્ટિ થઈ. પ્રકરણમાં કાર્યવાહી સુનિશ્ચિત કરતાં બંનેને આગળની તપાસ માટે જીઆરપી અમદાવાદને સોંપવામાં આવ્યા તથા સંબંધિત વર્સોવા પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી. અમદાવાદના મંડલ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ એ આરપીએફ ટીમની પ્રશંસા કરતાં જણાવ્યું કે તેમની ત્વરિત અને અસરકારક કામગીરીના કારણે સગીરની સુરક્ષા સુનિશ્ચિત થઈ, જે મુસાફરો, ખાસ કરીને મહિલાઓ અને બાળકોની સુરક્ષા પ્રત્યે રેલવેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

## વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પાણી પુરવઠા ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ: પવિત્ર યાત્રાધામ અંબાજી વિસ્તાર માટે રૂ.૧૪૧ કરોડની યોજનાનું ખાતમુહૂર્ત કરાશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત માર્ગદર્શન તેમજ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલના નેતૃત્વમાં ગુજરાત પાણી વ્યવસ્થાપનમાં પણ 'અવિરત વિકાસ' કરી રહ્યું છે. રાજ્યના સર્વાંગી વિકાસ માટે પાણીની અગત્યતાને સમજીને સરકાર દ્વારા દરેક નાગરિકને શુદ્ધ અને પૂરતું પેયજળ પૂરૂ પાડવા માટે નક્કર આયોજન કરવામાં આવ્યું છે. આ કડીરૂપ અભિયાન અંતર્ગત, બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાના આદિવાસી વિસ્તારો તેમજ પવિત્ર યાત્રાધામ અંબાજી માટે અંદાજિત રૂ. ૧૪૧ કરોડની રકમની 'અંબાજી જૂથ પાણી પુરવઠા યોજના ભાગ-૧ અને ૨' નું વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ઈ- ખાતમુહૂર્ત કરવામાં આવનાર છે.

યોજનાની મુખ્ય વિગતો:

લાભાર્થી ગામો: દાંતા અને અમીરગઢ તાલુકાના કુલ ૩૪ ગામો અને અંબાજી શહેરના નાગરિકોને આ યોજનાનો સીધો લાભ મળશે .

નાગરિક ફાયદો: આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી આશરે ૦.૭૮ લાખની વસ્તીને નિયમિત પીવાનું પાણી ઉપલબ્ધ થશે.

ભૌગોલિક પડકારોનો ઉકેલ:

આ વિસ્તાર ડુંગરાળ અને ખડકાળ હોવાથી અત્યાર સુધી અહીંના ગામો ભૂગર્ભ જળ પર નિર્ભર હતા, જે હવે સરફેસ સ્ત્રોત એટલે કે સપાટી પરના સ્ત્રોત આધારિત યોજનામાં પરિવર્તિત થશે જેનો સીધો ફાયદો આરોગ્યને થશે.

ભવિષ્યનું ડેવલપમેન્ટ:

અંબાજી એ ભારતનું એક મહત્વનું પવિત્ર યાત્રાધામ હોવાથી અને ભવિષ્યમાં આસપાસના વિસ્તારોમાં થનારા વિકાસને ધ્યાને રાખીને આ પીવાના પાણીની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે .

પાણી પુરવઠા ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિઓ:

રાજ્યવ્યાપી ગ્રીડ: ગુજરાત સરકારે ભૂગર્ભ જળ પરની નિર્ભરતા ઘટાડીને નદી, કેનાલ અને જળાશય જેવા સ્ત્રોતો આધારિત યોજનાઓ અમલી બનાવી છે

બલ્ક પાઈપલાઈન: 'રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ' હેઠળ ૩,૩૦૦ કિ.મીથી વધુ બલ્ક પાઈપલાઈનના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. જેના પરિણામે અત્યાર સુધી રાજ્યના ૧૫,૦૦૦ થી વધુ ગામો અને ૨૫૧ શહેરી વિસ્તારોને સરફેસ સ્ત્રોત આધારિત પીવાનું પાણી મળી રહ્યું છે, જેનાથી રાજ્યની અંદાજે પાંચ કરોડથી વધુ વસ્તી લાભાન્વિત થઈ છે .

જલ જીવન મિશન-૨:

કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકાયેલા 'જલ જીવન મિશન-૨' થકી બાકી રહેલા ગામોના કામોને વધુ વેગ મળશે.

આ ઉપરાંત નાગરિકોની સુવિધા માટે ગ્રામીણ વિસ્તારમાં પાણીને લગતી સમસ્યાઓના ઉકેલ માટે ૨૪૮૭ હેલ્પલાઈન નંબર ૧૯૧૬ પણ કાર્યરત છે, જ્યાં ફરિયાદોનું સંતોષકારક નિવારણ કરવામાં આવે છે' તેમ પાણી પુરવઠા વિભાગ દ્વારા જણાવાયું છે. - જનક દેસાઈ


નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### ડેપ્યુટી કમિશનર નિધિ સીવાચનો અહમ ઘવાતા કાયદેસર ફાળવેલી યુનિયનોની ઓફિસોને તાળા મારી દીધા

# સુરત મહાનગરપાલિકાની ઓફીસમાંથી જુદા જુદા યુનિયનોની અડધી રાત્રે તાળા તોડી સામાન બહાર ફેંકી દઈ યુનિયન ઓફિસોના ગેરકાયદેસર કબ્જા કરનારા અધિકારીઓ સામે પગલા ભરવા સુરત પોલીસ લાચાર

સુરતઃ- સુરત શહેરના લાલગેટ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ સુરત મહાનગરપાલિકાની બિલ્ડીંગ માંથી અડધી રાતે મહાનગરપાલિકાના અધિકારીઓએ યુનિયન ઓફિસોના તાળાતોડી કબ્જા લઈ લેવામાં આવેલ છે.જેની સામે જુદા-જુદા યુનિયનો દ્વરા તાઃ-૨૦/૧૧/૨૦૨૫ નારોજ લાલગેટ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરને લેખિત ફરિયાદ આપવામાં આવેલ.તે ફરિયાદની તપાસ સુરત શહેરના લાલગેટ પોલીસ વિસ્તારમાં મદદનીશ પોલીસ કમીશનરશ્રીને તપાસ સોંપવામાં આવેલ. પરંતુ ચાર મહિના જેવો લાંબો સમય થવા છતાં તપાસ આગળ વધી નથી.જે સુરત શહેર પોલીસની નિષ્ક્રિયતા સાબિત કરે છે. સામાન્યરીતે-સામાન્ય ગુનેગારને પકડી વરઘોડા કાઢી વાહ-વાહ લૂંટતી હોઈ છે, પરંતુ આ કેસમાં કઈ બન્યું જ ના હોઈ તેમ પોલીસ કોઈપણ પ્રકારની તપાસ કરી નથી.

પ્રાપ્ત માહિતી મુજબ સુરત મહાનગરપાલિકામાં ત્રીસક હજાર જેટલા કર્મચારીઓ/અધિકારીઓ ફરજ બજાવી રહ્યા છે આવા કર્મચારીઓ પોતાની ફરિયાદ અંગે એકસાથે રજૂઆત કરવા જઈ શકે નહિ.સુરત મહાનગરપાલિકાના બિલ્ડીંગમાં અનેક કર્મચારીઓ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા આવેલ છે.કર્મચારીઓની ફરિયાદ અને તેના નિરાકરણ માટે જુદા-જુદા યુનિયનો અસ્તિત્વમાં આવેલા છે... સુરત સુરત મ્યુનીસિપલ એમ્પ્લોઈઝ (સ્ટાફ) યુનિયન જેની નોધણી અંગ્રેજોના સમયમાં મહારાષ્ટ્ર ગુજરાત એક હતું ત્યારે થયેલ છે.અખિલ ભારતીય કામદાર સંગઠન જેની નોધણી ૨૦વર્ષ પહેલા થયેલ છે. અખિલ ભારતીય સફાઈ મજદુર કોંગ્રેસ જેની નોંધણી મહારાષ્ટ્રમાં થયેલ છે.અને આ યુનિયનના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે કેન્દ્ર સરકારમાંમાં જુદા-જુદા વિભાગ અને ગૃહ-મંત્રાલય સંભાળનાર સરદાર બુટ્ટાજી હતા. વાલ્મીકી સમાજના સફાઈ કામદારોને અન્યાય થતો અટકાવવા માટે સરદાર બુટ્ટાજીએ આ યુનિયનની સ્થાપના કરેલ હતી. બીજું યુનિયન છે નવયુવાન કર્મચારી સેવા સંઘ વિગેરે યુનિયનના આગેવાનોએ તેઓની ફરિયાદમાં જણાવ્યા મુજબ, કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓએ અગાઉથી યુનિયનોને જાણ કાર્ય વગર યુનિયન ઓફિસોના તાળા અડધીરાત્રે તોડી યુનિયન ઓફીસમાંથી દસ્તાવેજો લવાજમ પેટે વસુલ કરેલા નાણા તેમજ દેશના મહાનુભાવો બંધારણ ના ઘડવ્યા ડો.બાબાસાહેબ આંબેડકરની ફોટોફ્રેમ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલની તસ્વીરો બહાર ફેંકી દઈને આ અધિકારીઓએ ગંભીર ફરજચૂક કરી છે. તેમજ દેશના મહાન પુરુષોનું પણ અપમાન કરેલ છે. મહાનગરપાલિકા ધારે તો યુંનીયોનો ના આગેવાનોની હાજરીમાં ઓફિસો ખાલી કરાવી શકાઈ હોત પરંતુ રાત્રે ૧૨:૦૦ કલાકે પોલીસનો બંદોબસ્ત લઈ યુનિયન ના આગેવાનોને ગેટ ઉપરજ અટકાવી દઈ યુનિયનોની ઓફીસના કબ્જા લઈ લીધા છે. આ અંગે લાલગેટ પોલીસને કિરીટ જે વાઘેલા, મોહંમદ ઈકબાલ શેખ, હેમંત જ સોલંકી અને નરેશ બી. પડાયા ની સહીથી આપેલ ફરિયાદ થી મહાનગરપાલિકાના જવાબદાર તમામ અધિકારીઓ સામે FIR નોંધવાની માંગણી કરેલ છે.સુરત મહાનગરપાલિકામાં કાર્યરત ૨૫ જેટલા યુંનીયોનોના જણાવ્યા મુજબ મહાનગર પાલિકા ના ડેપ્યુટી (ડેપ્યુટેશન) નિધિ સીવાચ અને કમિશનર શાલીની અગ્રવાલના વહીવટ સામે સુરત મ્યુનીસિપલ એમ્પ્લોઈઝ (સ્ટાફ) યુનિયનના પ્રમુખશ્રી મોહંમદ ઈકબાલ શેખ, નામદાર ગુજરાત હાઈ કોર્ટમાં સફાઈ કામદારોને સેનેટરી સબ ઈન્સ્પેક્ટર તરીકે પ્રમોશનમાં અન્યાય થઈ રહેલ હોવાની પીટીશન દાખલ કરી હતી ડેપ્યુટી કમિશનર નિધિ સીવાચે નામદાર ગુજરાત હાઈકોર્ટની નોટીશ ની અવગણના કરી ૭૮ જેટલા કર્મચારીઓને ખોટી રીતે પ્રમોશન આપવામાં આવેલ હતા. તેનો વિરોધ કરતા અને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં તે અંગે ની ફરિયાદ કરાતા ડેપ્યુટી કમિશનર નિધિ સીવાચને નામદાર ગુજરાત હાઈકોર્ટમાંથી હાજર થવા અને પ્રમોશનના હુકમો રદ કરવા હુકમ કરવામાં આવેલ હતો. જેથી ડેપ્યુટી કમિશનર નિધિ સીવાચનો અહમ ઘવાયેલ અને તેઓ અને કમિશનર શાલીની અગ્રવાલ વિગેરે એ યુનિયન આગેવાનોને સબક શીખવાડવા અડધી રાત્રે તાળાતોડી યુનિયન ઓફિસોના કબજા લઈ લેવામાં આવેલ છે. યુનિયનો સરકાર દ્વારા અને સરકારની મંજુરીથીજ અસ્તિત્વમાં આવતા હોઈ છે.ત્યારે સુરત મહાનગર પાલિકાના ૩૦હજાર જેટલા કર્મચારીઓ/અધિકારીઓ નેયુનિયન વિહોણા કરવાનું પાપ ડેપ્યુટી કમિશનર નિધિ સીવાચે કર્યું છે. અહિયાં પ્રશ્ન એ થાય કે,ગુજરાતમાં કેટલાક કલેકટરોની ધરપકડ કરવામાં આવી છે, ત્યારે નિધિ સીવાચ અને મનપાના અધિકારીઓ સામે ગુનો નોંધતા પોલીસને કોણ રોકી રહ્યું છે?

---

### ૧૫ વર્ષથી જોડાયેલી મહિલા નેતાએ ભ્રષ્ટાચારથી કંટાળી ભાજપ છોડી : ગૌરી દેસાઈ AAP

## અમદાવાદ ઠક્કરબાપાનગરમાં ભાજપને મોટો ઝટકો, મહિલા મોરચા પ્રમુખ મનીષાબેન મુરારકા ૨૦૦થી વધુ મહિલાઓ સાથે AAPમાં જોડાયા

### મનીષાબેન મુરારકા સાથે સૈંકડો મહિલાઓએ ભાજપનો ત્યાગ કરી, આપ ને સાથ આપ્યો : ગૌરી દેસાઈ AAP

અમદાવાદ/ગુજરાત

અમદાવાદના ઠક્કરબાપા નગર વિધાનસભામાં ભાજપના ગઢમાં મોટું ગાબડું પડ્યું છે. ઈન્ડિયા કોલોની વોર્ડના ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તેમજ જનરલ બોડીના મંત્રી મનીષાબેન મુરારકા અને સામાજિક આગેવાન ગોવિંદભાઈ ગોસ્વામી આજે ૨૦૦થી વધુ મહિલા કાર્યકરો સાથે ભારતીય જનતા પાર્ટી છોડીને આમ આદમી પાર્ટીમાં વિધિવત રીતે જોડાયા છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈએ ખેસ પહેરાવી પાર્ટીમાં સ્વાગત કર્યુ હતુ. આથી પરિવર્તનની આ લહેર હવે અટકશે નહીં તેવી પ્રબળ રાજકીય સંકેત મળ્યો છે.

આ તકે આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈએ જણાવ્યું હતું કે ભાજપે ગુજરાત રાજ્યમાં ભ્રષ્ટાચાર કર્યો છે અને લોકો તથા કાર્યકરોના સપનાઓને તોડી નાખ્યા છે. કોઈપણ કાર્યકર જ્યારે ભાજપમાં જોડાય છે ત્યારે તેનો ઉદ્દેશ્ય સ્થાનિક પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો હોય છે, પરંતુ આજે ભાજપ તેમાં નિષ્ફળ સાબિત થઈ છે. તેમણે વધુમાં જણાવ્યું કે અમદાવાદના ઠક્કરબાપા નગર વિધાનસભાના ઈન્ડિયા કોલોની વોર્ડમાંથી ભાજપમાં ૧૫ વર્ષથી સક્રિય રહેલા મનીષાબેન મુરારકા, જે મહિલા મોરચાના પ્રમુખ અને વોર્ડના મંત્રી તરીકે સેવાઓ આપી ચૂક્યા છે, તેમણે ભાજપના ખોટા વચનો અને ભ્રષ્ટ નીતિઓથી નિરાશ થઈ આમ આદમી પાર્ટીમાં જોડાવાનો નિર્ણય લીધો છે. મનીષાબેન મુરારકા છેલ્લા ૧૫ વર્ષથી ભાજપ સાથે જોડાયેલા રહ્યા છે અને મહિલા મોરચાના પ્રમુખ તરીકે તેમજ વોર્ડના મંત્રી તરીકે મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવેલી છે. તેમ છતાં ભાજપ દ્વારા કરાયેલા વચનો લોકો સુધી પહોંચ્યા નથી અને હકીકતમાં ભ્રષ્ટાચાર જ જોવા મળ્યો છે. આથી તેમણે હવે ઈમાનદાર રાજકારણમાં વિશ્વાસ મૂકી આમ આદમી પાર્ટીમાં જોડાવાનું નક્કી કર્યું છે. AAP નેતા ગૌરી દેસાઈએ વધુમાં જણાવ્યું હતુ કે મનીષાબેન સાથે હજારો મહિલાઓનું મજબૂત સંગઠન જોડાયેલું છે અને તેઓ એનજીઓ મારફતે મહિલાઓના પ્રશ્નો માટે સતત કાર્યરત છે. આ તકે મનીષાબેન મુરારકા જણાવ્યું કે તેઓએ ભાજપમાં કામ કર્યું છતાં કાર્યકરો સાથે દગો થયો છે અને સ્થાનિક પ્રશ્નોનું નિરાકરણ મળ્યું નથી, જેના કારણે તેઓએ આ નિર્ણય લીધો છે. તેમણે આમ આદમી પાર્ટી પર વિશ્વાસ વ્યક્ત કર્યો અને કહ્યું કે આ પાર્ટી લોકો સાથે કરેલા વચનો પૂરા કરશે તેવો તેમને પૂર્ણ વિશ્વાસ છે. આમ આદમી પાર્ટીએ મનીષાબેન મુરારકા અને તેમની સાથે જોડાયેલા તમામ મહિલા કાર્યકરોનું સ્વાગત કર્યું છે અને વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે તેમના જોડાવાથી પાર્ટી વધુ મજબૂત બનશે તેમજ મહિલાઓના પ્રશ્નો માટે સશક્ત લડત આપવામાં આવશે.

---

## રાજકીય ભંડોળ મેળવવામાં ગુજરાત ત્રીજા સ્થાનેઃ કુલ રૂપીયા ૩૦૯ કરોડ મેળવ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત એક સમૃધ્ધ રાજય છે અને તેનુ કારણ રાજયમાં ઉદ્યોગ-વ્યાપાર નો વધતો વ્યાપ છે. તેથી જ રાજકીય પક્ષોને મળતા ભંડોળમાં દિલ્હી જે દેશનુ રાજકીય પાટનગર છે અને મહારાષ્ટ્ર જે દેશનુ વેપારી પાટનગર છે. ત્યારબાદ પોલીટીકલ ડોનેશન- રાજકીય ભંડોળ આપવામાં ગુજરાત ત્રીજા સ્થાને છે. ૨૦૨૪-૨૫ ના વર્ષમાં જાહેર થયેલા આંકડા મુજબ ગુજરાતમાં મુખ્ય રાજકીય પક્ષોને કુલ રૂપીય ૩૦૯.૨ કરોડ નુ ભંડોળ મળ્યુ છે.

જો કે દિલ્હીમાં રાજકીય પક્ષોને રૂપીયા ૨,૬૩૯.૫ કરોડ નુ અને મહારાષ્ટ્રમાં રૂપીયા ૨,૪૩૮.૮ કરોડ નુ ભંડોળ મળ્યુ છે. તેની સરખામણીમાં ગુજરાતને રૂપીયા ૩૦૯.૨ કરોડ નું ભંડોળ માંડ દસમાં ભાગમાં ગણી શકાય પણ આ બંને રાજયોની સ્થિતિ અલગ છે. દિલ્હીમાં ભાજપને રૂપીયા ૨,૩૬૫ કરોડ, કોંગ્રેસને રૂપીયા ૨૪૯ કરોડ અને આમ આદમી પાર્ટીને રૂપીયા ૨૪ કરોડ મળ્યા હતા. મહારાષ્ટ્રમાં ભાજપને રૂપીયા ૨,૩૧૯ કરોડ, કોંગ્રેસને ૧૨૧ કરોડ અને આમ આદમી પાર્ટીને રૂપીયા ૧.૧ કરોડ મળ્યા તો ગુજરાતમાં ભાજપને રૂપીયા ૩૦૮ કરોડ, કોંગ્રેસ ને ૭૦ લાખ અને આમ આદમી પાર્ટીને ૧૦ લાખનુ ભંડોળ મળે છે. સત્તામાં નહી હોવા છતાં પશ્ચિમ બંગાળમાં ભાજપને ૨૨૩ કરોડ, કર્ણાટકમાં ૧૮૩ કરોડ મળ્યા છે.

દેશમાં રાજકીય પક્ષોને કુલ રૂપીયા ૬,૧૨૮ કરોડ, કોર્પોરેટ જગત અને વેપારી એકમો તરફથી રાજકીય પક્ષોને દાન આપ્યુ છે. જયારે વ્યકિતગત ડોનેશન જેમાં મોટા ભાગે રૂપીયા ૨ હજારની રામ ભરોસે પહોચ ફાટે તેથી રૂપીયા ૫૦૫.૬ કરોડ મળ્યા છે. ગુજરાતમાં કોર્પોરેટ ડોનેશન રૂપીયા ૨૫૦.૪ કરોડ અને વ્યકિતગત ડોનેશન રૂપીયા ૫૭.૫ કરોડ મળ્યા છે. તો કોઈ યુનિયન તરફથી પણ રૂપીયા ૧ કરોડ મળ્યા છે.

---

## દિકરીને ફોન આવે અને દુર જઈને વાત કરે તો સમજવુ કંઈક ખોટુ છેઃ પાટણના કાર્યક્રમમાં આનંદીબેન પટેલે આપેલુ નિવેદન ચર્ચામાં રહ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ઉત્તર પ્રદેશના રાજયપાલ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે એક કાર્યક્રમ દરમિયાન સમાજની બદલાતી સ્થિતિ અને સંસ્કારો પર ખુલ્લેઆમ પ્રહારો કર્યા હતા. તેમણે વાલીઓને બાળકો પર ખાસ નજર રાખવા અને વૃધ્ધાશ્રમો વધવા પર ચિંતા વ્યકત કરી હતી. આનંદીબેને વાલીઓને ચેતવ્યા કે જો તમારી દિકરી અત્યાર સુધી તમારી પાસે બેસીને વાત કરતી હોય અને અચાનક બીજા રૂમમાં જઈને ધીરે થી વાત કરવાનુ શરૂ કરે તો સમજજો કંઈક ખોટુ છે.

એક કથાના કાર્યક્રમમાં આનંદીબેન પટેલે કહ્યુ હતુ કે હાલના સમયમાં આપણે આપણા દિકરા- દિકરીઓને સાચવવાની જરૂર છે, મારે તો બહેનોને ખાસ કહેવુ છે, તમારી નજર દિકરા-દિકરીઓ પર જ હોવી જોઈએ. હું શંકાની વાત નથી કરતી, તે કોઈની સાથે વાતચીત કરે તો તે મિત્ર હોઈ શકે, પણ મિત્ર-મિત્રમાં પણ ફરક હોઈ શકે, હું તમને એક ઉદાહરણ આપુ છું તમે ધ્યાનથી સાંભળજો, તેમણે ઉમેર્યુ કે તમારી દિકરી ૮ થી ૧૦ વરસની હોય અને તેને મામા-ભાઈ-કાકા કોઈ



પણ સગા સંબંધીનો ફોન આવે ત્યારે તે તમારી સામે વાતો કરે છે. જે સ્વાભાવિક વાત છે , પરંતુ જે દિવસે તમારી દિકરીને કોઈનો કોલ આવે અને તે તમારા થી દુર જઈને વાત કરવાનુ શરૂ કરે ત્યારે તેના પર શંકા વ્યકત કરજો, કે અત્યાર સુધી તે મારી બાજુમાં બેસી વાત કરતી હતી અને હવે તે બાજુના રૂમમાં જઈને ધીરેથી કેમ વાત કરે છે ? કંઈક ખોટુ થઈ રહ્યુ છે, એટલા માટે જ ધ્યાન રાખજો કે તે ઘરમાં થી ભાગી ન જાય, સ્કુલોમાં થી ભાગી ન જાય,

આનંદીબેન પટેલે સમાજને આહવાન કર્યુ કે હવે લેઉઆ પટેલ લેઉઆ પટેલ નથી કરવાનુ, જુના સમયમાં પટેલ આખા ગામનુ નેતૃત્વ કરતા અને દરેક દિકરીને પોતાની દિકરી સમજતા, એવા નિષ્કપટ સમાજની આજે જરૂર છે. તેમણે કેન્સર જેવી બિમારીઓ સામે નવી વેકિસન અપાવવા અને બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવા અપીલ કરી હતી. તેમણે કહ્યુ હતુ કે જો આપણે કાળજી રાખીએ તો હોસ્પીટલ જવાની જરૂર જ નહી પડે, અંતે તેમણે જણાવ્યુ હતુ કે મારી કથાઓમાં પોકસો એકટ, શિક્ષણ અને વેકિસન જેવી સામાજિક સુરક્ષાની વાતો જ મુખ્ય હોય છે.

---

## ધારાસભ્ય માવજી દેસાઈનો મુખ્યમંત્રીને પત્રઃ રબારી, ભરવાડ અને ચારણ સમાજને અનુસુચિત જનજાતિના દરજ્જામાં યથાવત રાખવા કરી વિનંતી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રબારી સમાજના એક માત્ર ધારાસભ્ય માવજીભાઈ દેસાઈ દ્વારા ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં વસવાટ કરતા માલધારી સમાજ (રબારી, ભરવાડ, ચારણ) સમાજના લોકોને અનુસુચિત જનજાતિમાં યથાવત રાખવા મુખ્યમંત્રીને પત્ર લખવામાં આવ્યો છે.




તેમણે પત્રમાં લખ્યુ છે કે માનનીય મુખ્યમંત્રી, ગીર, બરડા અને આલેય ના જંગલોના નેસ વિસ્તારોમાં દાયકાઓથી વસવાટ કરતા રબારી, ભરવાડ અને ચારણ સમાજોનુ જીવન આજે પણ સંપૂર્ણપણે પ્રકૃતિ અને પરંપરાગત પશુપાલન પર આધારીત રહ્યુ છે. આ તમામ સમાજો વરસો થી અત્યંત કઠીન ભૌગોલીક પરીસ્થિતિઓમાં વસવાટ કરી રહ્યા છે અને ઋતુ પ્રમાણે પશુધનના નિર્વાહ માટે હિઝરત કરતા રહ્યા છે. સંઘર્ષમય જીવન પસાર કરી રહ્યા છે. રબારી, ભરવાડ અને ચારણ સમાજોની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પછાત અવસ્થાને ધ્યાને રાખીને જ ૧૯૫૬ થી ભારત સરકાર દ્વારા તેમને અનુસુચિત જનજાતિ (એસટી) નો દરજજો આપવામાં આવ્યો હતો. હાલમાં આ દરજજો દુર કરવાની અથવા તેમાં ફેરફાર કરવાની હિલચાલને કારણે આ પછાત પશુપાલક સમાજોમાં ભારે ચિંતા અને અસંતોષ નો માહોલ જોવા મળી રહ્યો છે. આ સમાજોનો વિકાસ હજુ પણ પ્રાથમિક તબકકે છે અને જો આ બંધારણીય રક્ષણ પાછુ ખેંચવામાં આવશે તો તેમની સામાજિક સુરક્ષા અને મુળભુત વિકાસના માર્ગ પર ખુબ ગંભીર નકારાત્મક અસરો પડશે અને સાથે સાથે સમગ્ર ગુજરાત રાજયના માલધારી સમુદાય (રબારી, ભરવાડ, ચારણ) સમાજો ઉપર પણ આ નિર્ણયની ગંભીર અસર પડશે.

ભુતકાળમાં નામદાર હાઈકોર્ટ દ્વારા પણ રાજય સરકારને આ પ્રકારના સંવેદનશીલ મુદ્દાઓ અંગે ખુબ જ સાવચેતી પૂર્વક અને માનવીય અભિગમ સાથે નિર્ણય લેવા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. સાથોસાથ રાજય સરકાર દ્વારા રચાયેલા વિવિધ જયુડીશીયલ કમિશનોએ પણ તેમના અહેવાલોમાં આ તમામ સમાજોની વિશિષ્ટ પરંપરાઓ અને મુશ્કેલીઓનુ વિગતવાર વર્ણન કરી તેમના મુળભુત હક્કો ના રક્ષણ માટેની મજબુત ભલામણો રજુ કરી હતી.

આથી આપ સાહેબને નમ્ર વિનંતી કરૂ છુ કે નામદાર હાઈકોર્ટના નિર્દેશો અને જયુડીશીયલ કમિશનોના હકારાત્મક અહેવાલોને ધ્યાને રાખી ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારોમાં દાયકાઓથી વસવાટ કરતા રબારી, ભરવાડ અને ચારણ સમાજોના બંધારણીય હક્કો નુ રક્ષણ થાય અને તેમને મળેલ અનુસુચિત જનજાતિનો દરજજો યથાવત રાખવામાં આવે તેવો ન્યાય સંગત અને સંવેદનશીલ નિર્ણય લેવા વિનંતી કરૂ છું.

---

## ગુજરાતમાં છેલ્લા પાંચ વરસમાં સરકારી કર્મચારીઓની ગેરરીતિ વધીઃ ૧૮૬૭ ને અલગ અલગ સજા : પાંચ વરસમાં ૩૦ ટકા કેસ વધ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારમાં છેલ્લા પાંચ વરસમાં ૩૦ ટકા કેસો ગેરરીતિના વધ્યા છે. તકેદારી આયોગના તાજેતરના રીપોર્ટ મુજબ ૨૦૨૦ થી ૨૦૨૪ સુધીના પાંચ વરસમાં ગુજરાતમાં વિવિધ વિભાગો-કચેરીઓના ૧,૮૬૭ સરકારી અધિકારી / કર્મચારીને ભ્રષ્ટાચાર અને ગેરરીતિ ને લઈને જુદી જુદી સજા કરવામાં આવી છે. જેમાં વર્ષ ૨૦૨૪ માં ૧૩૮ વર્ગ-૧ ના અધિકારી વિરૂધ્ધ સજાના ઓર્ડર કરવામાં આવ્યા હતા. ૨૪૬ અધિકારી / કર્મચારીનુ પેન્શન રોકી દેવામાં આવ્યુ હતું.

તકેદારી આયોગને ભ્રષ્ટાચાર અને ગેરરીતિ ને લઈને મળેલી ફરીયાદ બાદ આયોગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવે છે. અને તબકકાવાર રીપોર્ટ મુકીને ફાઈનલ ઓર્ડર સાથે સરકારને જે તે અધિકારી કે કર્મચારી કે જે દોષિત ઠર્યા હોય તેઓની વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહીની ભલામણ કરવામાં આવે છે. તકેદારી આયોગના ૨૦૨૪ ના રીપોર્ટ મુજબ ૨૦૨૦ થી ૨૦૨૪ ના કુલ પાંચ વરસમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચારની ફરીયાદોમાં દોષિત ઠરેલા કુલ ૧૮૬૭ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને જુદી જુદી સજા આયોગના ઓર્ડર બાદ સરકારના જે



તે વિભાગ દ્વારા કરવામાં આવી હતી. જેમાં ૨૦૨૪ માં વર્ગ ૧ ના ૧૩૮ અધિકારી વિરૂધ્ધ સજાના ઓર્ડર કરવામાં આવ્યા હતા અને ૨૦૨૦ થી ૨૦૨૪ ના વર્ષમાં વર્ગ ૧ થી લઈને વર્ગ ૩ ના ૨૪૬ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓનુ પેન્શન રોકવાનો ઓર્ડર થયો હતો. મહત્વનુ છે કે પાંચ વરસમાં સૌથી વધુ ૪૮૬ સરકારી અધિકારી અને કર્મચારીઓને ૨૦૨૪ માં સજા માટેના ઓર્ડર કરવામાં આવ્યા હતા. તકેદારી આયોગના ૨૦૨૪ ના રીપોર્ટ અનુસાર, ૨૦૨૪ ના વર્ષ દરમિયાન કુલ ૧૩૮૨ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ વિરૂધ્ધ જુદી જુદી ભલામણો કરાઈ હતી. જેમાં ૬૭૮ જાહેર સેવકો વિરૂધ્ધ ભારે શિક્ષાની કાર્યવાહીની તેમજ ૩ જાહેર સેવકો વિરૂધ્ધ પેન્શન કાપ ની કાર્યવાહીની અને લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો તથા અન્ય એજન્સીઓ તરફથી મળેલ અહેવાલ ની ચકાસણી કરીને ૨૯ જાહેર સેવકો વિરૂધ્ધ પ્રોસીકયુશન ની મંજુરી આપવાની એટલે કે ફોજદારી કેસની ભલામણ કરાઈ હતી. આ ઉપરાંત ૫૪ સરકારી કર્મચારીઓ વિરૂધ્ધ હળવી શિક્ષાની તથા ૩૦ કર્મચારી વિરૂધ્ધ વસુલાત જેવી અન્ય કાર્યવાહીની આયોગે સરકારને ભલામણ કરી હતી. પરંતુ ૫૮૮ સરકારી કર્મચારી સામેના આક્ષેપોમાં તથ્ય જણાતુ ન હોઈ તેઓ સામેના પ્રકરણો દફતરે કરવા આયોગે ભલામણ કરી હતી.

---

## ભિલોડાના વેજપુર જંગલમાં આગ લગાવનાર શખ્સ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અરવલ્લી

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં આવેલા વેજપુરના જંગલ વિસ્તારમાં આગ લગાડવાની ગંભીર ઘટનામાં વન વિભાગે ત્વરિત કાર્યવાહી કરીને એક શખ્સની અટકાયત કરી છે. ઉનાળાની શરૂઆત સાથે જ જંગલોમાં લાગતી આગ વન્યસંપદા અને વન્યજીવો માટે મોટું જોખમ ઊભું કરે છે, ત્યારે વન વિભાગે જંગલની સુરક્ષા માટે પેટ્રોલિંગ સઘન બનાવી આ સફળતા મેળવી છે. ભિલોડાના વેજપુર જંગલના સર્વે નંબર ૨૨૦ માં ગત ૨૬ માર્ચ ૨૦૨૬ના રોજ અજાણ્યા શખ્સ દ્વારા આગ લગાડવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતા જ વન વિભાગની ટીમે તપાસ હાથ ધરી હતી અને આગ લગાવનાર શખ્સ બાબુભાઈ લાલજીભાઈ પાંડોરની ઓળખ કરી તેની અટકાયત કરી હતી. જંગલ જેવી રાષ્ટ્રીય સંપત્તિને નુકસાન પહોંચાડવા બદલ વન વિભાગે કડક વલણ અપનાવ્યું છે. વન વિભાગે આરોપી બાબુ પાંડોર પાસેથી સ્થળ પર જ રૂપિયા ૧૫,૦૦૦ નો દંડ વસૂલ કર્યો છે અને ભવિષ્યમાં આવી પ્રવૃત્તિ ન કરવા માટે કડક તાકીદ કરી છે. વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, જંગલમાં ઈરાદાપૂર્વક આગ લગાવવી એ ગંભીર ગુનો છે અને આવા તત્વો સામે હજુ પણ કડક હાથે કામ લેવામાં આવશે.

---

## ગુજરાતમાં દહેજના દુષણે ૩ વરસમાં ૧૮૦ થી વધુ મહિલાઓનો ભોગ લીધો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતને ભલે વિકસિત રાજય ગણવામાં આવતુ હોય પરંતુ આજે પણ દહેજના દુષણની કુપ્રથાને કારણે મહિલાઓએ જીવ ગુમાવવાનો વારો આવે છે. રાજયમાં ૩ વરસ દરમિયાન ૧૮૦ મહિલાઓને દહેજનુ દુષણ ભરખી ગયુ હોવાની વિગતો બહાર આવી છે. તો બીજી તરફ આ સમય દરમિયાન દહેજના દુષણની કુલ ૫૬૩૮ ફરીયાદો પોલીસ ચોપડે નોંધાઈ છે. મહિલાઓના આત્મ સન્માનની વાતો તો બહુ થાય છે. પરંતુ દહેજ જેવી વરસો જુની કુપ્રથામાંથી



મહિલાઓને છુટકારો અપાવવામાં સરકાર ઉણી ઉતરી છે. દહેજના દુષણને ડામવા માટે કાયદો અમલમાં છે.છતાં આજે પણ ગુજરાતમાં દહેજના કારણે મહિલાઓએ મોત ની સોડ તાણવી પડે છે. વિધાનસભાના સત્ર દરમિયાન પુછાયેલા પ્રશ્નના જવાબમાં ખુદ રાજય સરકારે સ્વીકાર્યુ છે કે ૩ વરસમાં ગુજરાતમાં દહેજના દુષણના કારણે ૧૮૦ મહિલાઓએ આપઘાત કરી લીધો છે. જયારે આપઘાતના પ્રયાસના ૪ કેસ નોંધાયા છે. આપઘાતની આ ઘટનાઓમાં અમદાવાદ અને સુરત મોખરે છે. સરકારના જવાબ અનુસાર તમામ કેસમાં ૫૨૨ આરોપીઓની ધરપકડ થઈ છે અને ૧૫ આરોપીઓને પકડવાના હજુ બાકી છે. અલબત્ત આ તો દહેજના દુષણની ચરમસીમા રૂપ બાબતનો ચિતાર છે. ગુજરાતમાં સૌથી વધુ કેસ અમદાવાદમાં નોંધાયા છે. જેમાં ૧૬૬૫ કેસ સામે ૩૪ મહિલાઓએ આપઘાત કર્યો, સુરતમાં ૧૧૬૬ કેસ ૩૬ આપઘાત, બનાસકાંઠા માં ૩૬૨ કેસ, ૭ આપઘાત, ભાવનગરમાં ૯૯ કેસ ૯ આપઘાત, ભરૂચ ૮૯ કેસ ૨ આપઘાત, પંચમહાલ ૯૧ કેસ ૨ આપઘાત, અમરેલીમાં ૭૪ કેસ ૫ આપઘાત, જામનગરમાં ૭૦ કેસ ૩ આપઘાત, રાજકોટમાં ૧૫૮ કેસ અને ૫ મહિલાઓએ અંતિમ પગલુ ભર્યુ છે.


**AHMEDABAD MUNICIPAL CORPORATION**

**Water Operation Department (Elect. & Mech.)**

**Short Tender Notice**

**Annual Rate Contract for the Supply of Different Electrical Items at Raikhad Store of Water Operation (E&M) Department of AMC.**

| | |
|---|---|
| Last Date of Online Tender Submission | Date : 08/04/2026 upto 18 :00 Hrs. |
| Last Date of Tender Submission (Hard copy) | Date : 09/04/2026 upto 16 :00 Hrs. |
| Date of Tender Opening (Tech. bid only) | Date : 10/04/2026 on 11: 00 Hrs. |
| Tender & Details available on | https://tender.nprocure.com |

# દેશભરની જેલોમાં કેદીઓની દયનિય સ્થિતિથી સુપ્રીમ કોર્ટ લાલઘૂમ

(છગનલાલ મેવાડા ધ્વારા)

દેશભરની જેલોમાં જેલની ક્ષમતા કરતાં વધુ કેદીઓની સંખ્યા અને અમાનવીય સ્થિતિ અંગે કડક વલણ અપનાવી ને સુપ્રીમ કોર્ટે તમામ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ૧૮ મે,૨૦૨૬ સુધી જેલો અંગેની સર્વગ્રાહી તાજી માહિતી સુપરત કરવાનો આદેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે મહિલા જેલોની સંખ્યા અને તેમના માટે ઉપલબ્ધ સુવિધા અંગેની પણ માહિતી માંગી છે. સુપ્રીમ કોર્ટે જેલોમાં અમાનવીય સ્થિતિ અંગે સુઓ-મોટો કેસની સુનાવણી કરતાં આ આદેશ જારી કર્યો હતો.

આ કેસમાં એમિકલ ક્યુરી( ભાવનાત્મક ઉપચાર, ભાવનાત્મક તણાવ, ચિંતા અથવા ડિપ્રેશન જેવી સમસ્યાઓનો સામનો કરવા માટે થાય છે.) તરીકે કોર્ટને મદદ કરી રહેલા સિનિયર એડવોકેટ ગૌરવ અગ્રવાલે ધ્યાન દોર્યુ હતું કે રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ રેકોર્ડમાં મૂકેલા આંકડા છેક ૨૦૨૩ ના છે જે હવે જૂના થઈ ગયા છે.

આ રજૂઆતની નોંધ લઈને કોર્ટે જણાવ્યુ કે આ મુદ્દાની ગંભીરતા અને યોગ્ય નિરાકરણ માટે તાજા અને સચોટ આંકડાઓ અનિવાર્ય છે. તેથી તમામ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમના અધિકારક્ષેત્રમાં આવેલી તમામ જેલોની અપડેટેડ અને વિગતવાર માહિતી રજૂ કરવાનો આદેશ આપવામાં આવે છે. આ આંકડાઓમા દરેક જેલની મંજૂર ક્ષમતા, કુલ કેદીઓની સંખ્યા,ક્ષમતા કરતાં વધુ કેદીઓની ટકાવારી, તેને ઘટાડવા માટેના પગલાં, મહિલાઓની જેલોની વિગતો, મહિલા કેદીઓ અને તેમના બાળકો માટેની સુવિધાઓ (શૈક્ષણિક અને આરોગ્ય સહિત) જેલ સ્ટાફની મંજૂર સંખ્યા, ખાલી જગ્યાઓ અને તેને ભરવા માટેના પ્રયાસો સહિતની તમામ માહિતી સામેલ કરવાની રહેશે. કોર્ટે એ સ્પષ્ટ કર્યું હતું કે ૧ લી માર્ચ,૨૦૨૬ ની સ્થિતિ મુજબ દરેક જેલની ક્ષમતા અને કેદીઓની સંખ્યા દર્શાવતી સંપૂર્ણ વિગતો રજૂ કરવી પડશે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ ૧૮ મે સુધીમાં ગ્રહસચિવના સર્વગ્રાહી સોગંધનામા દાખલા કરવા પડશે. જેમાં જરૂરી વિગતો પૂરી પાડવાની રહેશે. સર્વોચ્ચ અદાલતે આ મામલાની વધુ સુનાવણી ૨૬ મે એ નિર્ધારિત કરી હતી.

### ગુજરાતમાં પણ મફત વીજળી, શિક્ષણ અને રોજગાર જોઈએ તો ઝાડૂ ચલાવો: કેજરીવાલ

# "ભાજપ-કોંગ્રેસે ૩૦ વર્ષ મળીને ગુજરાત અને આદિવાસીઓને લૂંટી લીધા, અત્યાચાર કર્યો": દાહોદમાં ગર્જ્યા કેજરીવાલ

**દાહોદમાં યોજાયેલી સભામાં AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના CM ભગવંત માને ભાજપ અને કોંગ્રેસ પર કર્યા કડક પ્રહાર**





અમદાવાદ/દાહોદ/ભરૂચ

આમ આદમી પાર્ટી દ્વારા દાહોદ જિલ્લાના લીમખેડા ખાતે ભવ્ય 'વિજય વિશ્વાસ સભા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજી અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનજી સહિત ગુજરાત પ્રદેશ પ્રભારી ગોપાલ રાયજી, સહ પ્રભારી દુર્ગેશ પાઠક, સહ પ્રભારી ગુલાબ સિંહ યાદવ, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ચૈતર વસાવા, યુવા નેતા યુવરાજસિંહ જાડેજા, ઈસ્ટ ઝોન ઈન્ચાર્જ અશોક ઓઝા, ઈસ્ટ ઝોન સંગઠન મંત્રી નરેશ બારીયા સહિત પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં દાહોદ તથા આસપાસના વિસ્તારના સ્થાનિક ખેડૂતો, મજૂરો, યુવાનો, મહિલાઓ સહિત હજારોની સંખ્યામાં તમામ જાતિ-ધર્મ અને વર્ગના લોકો સ્વયંભૂ ઉપસ્થિત રહ્યા હતા.

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજીએ દાહોદના લિમખેડામાં યોજાયેલી સભામાં હાજર હજારો લોકો સમક્ષ પોતાની વાત રાખતાં કહ્યું કે, છેલ્લા ૩૦ વર્ષમાં ભાજપે, કોંગ્રેસ સાથે મળીને ગુજરાતને લૂંટી લીધું, પરંતુ તેમાં પણ સૌથી વધુ આદિવાસી લોકોને લૂંટી લીધા અને સૌથી વધુ આદિવાસી સમાજ પર અત્યાચાર કર્યો. તમારા બાળકો મોટા થાય છે પરંતુ તેમના માટે શિક્ષણની વ્યવસ્થા નથી, નોકરી નથી, તો તેઓ ખેતરમાં કામ કરે છે અને તેમણે ખેડૂતોની સ્થિતિ પણ ખૂબ ખરાબ બનાવી દીધી છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર આદિવાસી સમાજ માટે અબજો રૂપિયા મોકલે છે, પરંતુ પ્રશ્ન એ છે કે આ પૈસા ક્યાં જાય છે? તો જવાબ એ જ છે કે આ બધા પૈસા ભાજપ અને કોંગ્રેસના લોકોના ખિસ્સામાં જાય છે. મનરેગામાં કામ કરતા ગરીબોના પૈસા પણ આ લોકોએ ખાઈ લીધા. અને જ્યારે અમારા ધારાસભ્ય ચૈતર વસાવાએ તેના વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો તો તેમને જેલમાં નાખી દીધા. જેણે ચોરી કરી તે મંત્રીને જેલમાં નાખ્યો નહીં કારણ કે તે ઉપર સુધી પૈસા પહોંચાડે છે. ક્લાર્કથી લઈને મંત્રી સુધી દરેક વ્યક્તિ પૈસા ખાઈ રહ્યા હતા પરંતુ કોઈને જેલ થઈ નહીં, પરંતુ અવાજ ઉઠાવનાર ચૈતરભાઈને ૩ મહિના સુધી જેલમાં નાખી દીધા. તેઓ પોતાના પત્ની-બાળકો માટે જેલમાં ગયા નહોતા પરંતુ તેઓ તમારા માટે જેલમાં ગયા હતા. આગળ અરવિંદ કેજરીવાલજીએ કહ્યું કે, નળથી જળ યોજના માં કરોડો રૂપિયાનું ફંડ આવતું હતું પરંતુ શું કોઈના ઘરમાં પાણી આવ્યું? પાણી પણ આવ્યું નહીં તેનો અર્થ એ છે કે આ લોકોએ તમારા બધા પૈસા ખાઈ લીધા. આવી કેટલીય યોજનાઓના પૈસા આવે છે અને તે પૈસા જનતા સુધી પહોંચતા નથી, તે બધા પૈસા આ લોકો ખાઈ જાય છે. તમારા મતથી આ લોકો ધારાસભ્ય બની જાય છે અને તેમના બાળકો વિદેશમાં અભ્યાસ કરે છે જ્યારે તમારા બાળકો માટે સરકારી શાળા પણ નથી. જે સરકારી શાળાઓ છે તે પણ તૂટી પડેલી છે, શિક્ષકો આવતા નથી. પછી આ લોકો પોતાના જ બાળકોને ચૂંટણી વખતે ધારાસભ્યની ટિકિટ પણ આપી દે છે. પરંતુ તમારા બાળકોનું કોઈ ભવિષ્ય નથી. આ લોકોએ તમારું જળ, જંગલ, જમીન છીનવી લીધી, તમને પોલીસ હેરાન કરે છે, ફોરેસ્ટ વિભાગના લોકો હેરાન કરે છે, આજે સૌથી વધુ FIR આદિવાસી લોકો સામે થાય છે. આગળ અરવિંદ કેજરીવાલજીએ કહ્યું કે, પંજાબમાં પણ પહેલા આવી જ સ્થિતિ હતી. ત્યાં ૫ વર્ષ કોંગ્રેસની સરકાર રહેતી હતી, ૫ વર્ષ અકાલી દળની સરકાર રહેતી હતી અને આ બંને મળીને લોકોને લૂંટી રહ્યા હતા. જેના કારણે લોકો કંટાળી ગયા હતા અને પછી પંજાબમાં એક નવી પાર્ટી આવી, ઝાડૂવાળી આમ આદમી પાર્ટી. પછી લોકોએ ઝાડૂ ચલાવ્યુઅને જૂની પાર્ટીઓને ઉખેડીને ફેંકી દીધી. ૨૦૨૨ની ચૂંટણીમાં ૧૧૭માંથી ૯૨ સીટો આમ આદમી પાર્ટીને મળી. હું અહીં કોઈ ખોટા વચનો આપવા આવ્યો નથી પરંતુ હું એટલું જ કહેવા આવ્યો છું કે અમે પંજાબમાં શું કર્યું અને જે અમે પંજાબમાં કર્યું છે તે જ કામ અમે ગુજરાતમાં પણ કરી શકીએ છીએ. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન ખેડૂતના દીકરા છે. સૌપ્રથમ અમે પંજાબના ખેડૂતો માટે ખેતીની વીજળી મફત કરી દીધી. જો ગુજરાતમાં પણ ખેડૂતોને મફત વીજળી જોઈએ તો આમ આદમી પાર્ટીનું ઝાડૂ ચલાવો અને ભાજપને હટાવો. પંજાબમાં અમારી સરકાર આવવા પહેલા રાત્રે ૨:૦૦ વાગ્યે ખેતીની વીજળી આવતી હતી. પરંતુ અમારી સરકાર આવ્યા પછી અમે ખેતરમાં દિવસે ૮ કલાક વીજળી આપવાની શરૂઆત કરી. પહેલા ખેડૂતોને પાક વેચ્યા પછી ચાર-ચાર મહિના સુધી ચુકવણી મળતી નહોતી અને આજે અમારી સરકાર સવારે પાક ખરીદી લે છે અને સાંજે ખેડૂતોના ખાતામાં પૈસા મોકલી દે છે. મને કહેવામાં આવ્યું છે કે ગુજરાતમાં પણ ખેડૂતોને ઘણા મહિના સુધી પાકના પૈસા મળતા નથી. મને આ પણ કહેવામાં આવ્યું કે ગુજરાતની સરકાર કેટલાક ખેડૂતોની પાક ખરીદે છે અને કેટલાકની ખરીદતી નથી, પરંતુ પંજાબમાં અમારી સરકાર ખેડૂતોની આખો પાક ખરીદી લે છે. ૩૦ વર્ષથી આ લોકોએ તમને સિંચાઈનું પાણી આપ્યું નથી, હજુ વધુ ૩૦ વર્ષ પણ તેમને આપશો તો પણ તેઓ તમને સિંચાઈનું પાણી આપશે નહીં કારણ કે તેમની નીતિ જ એવી નથી, તેમને તો માત્ર લૂંટતા જ આવડે છે. હું માત્ર એટલું કહું છું કે ફક્ત એક વખત આમ આદમી પાર્ટીને તક આપીને જુઓ.

# રાજકોટ વોર્ડ નં.૧૧માં ભાજપ નો રીપીટ થીયરી લાગુ કરશે? કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી મજબુત પાટીદાર ઉમેદવારોની શોધખોળ

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૧ માં આ વખતે ખરાખરીનો ચુંટણીજંગ ખેલાશે, ભાજપ કદાચ આ વોર્ડ માં નોરીપીટ થીયરી લાગુ કરે તેવા રાજકીય સમીકરણો સર્જાયા છે. અનામત રોસ્ટર અનુસાર ઓબીસી પુરુષ અનામત આવતા લીલુબેન જાદવની ટીકીટ કપાય તેવા શકયતા હોવાની ચર્ચા છે. ગત ટર્મમાં આ વોર્ડ માં એસસી અનામતના કારણે અનામત બેઠક ઉપરથી ચુંટણી લડેલા રણજીતભાઈ સાગઠીયા પણ હવે આ વોર્ડ માં ચુંટણી લડી શકે તેમ નથી,

લેઉઆ પાટીદાર અગ્રણી વિનોદભાઈ સોરઠીયાને ૬૦ વર્ષ પૂર્ણ થયા હોય પક્ષ તેમને રીપીટ કરે તેવી શકયતા ઓછી છે. જો આ વોર્ડમાં કોઈ રીપીટ થાય તો કદાચ ભારતીબેન પાડલીયા થાય તો તેવી શકયતા છે. પરંતુ કડવા પાટીદાર સમાજમાંથી સોનલબેન ફળદુ સહિતના અનેક સક્ષમ મહિલા અને પુરુષ દાવેદારો રેસમાં છે. આ સંજોગોમાં ભાજપ વોર્ડ ના તમામ ઉમેદવારો બદલાવે તેવી પ્રબળ સંભાવના હોવાનુ બહાર આવ્યુ છે. ભાજપના નેતા અને કડીયા સમાજના પ્રમુખ નરેન્દ્રભાઈ સોલંકીના પુત્ર ટીકીટ માટે દાવેદારી કરશે તેવી ચર્ચા પણ વહેતી થઈ છે. નવા મવા ચોક સર્કલ થી શરૂ કરી ન્યારી ડેમ રોડ સુધીના ભૌગોલીક ક્ષેત્રફળ મુજબ શહેરનો સૌથી મોટો વોર્ડ નંબર ૧૧ મતદારોની સંખ્યાની દ્રષ્ટીએ પણ રાજકોટનો સૌથી મોટો વોર્ડ છે. તાજેતરમાં પ્રસિધ્ધ થયેલી પ્રાથમિક મતદાર યાદી મુજબ વોર્ડ નં.૧૧ માં ૯૦,૧૪૮ મતદારો છે. જે સમગ્ર શહેરના તમામ વોર્ડ માં સૌથી વધુ છે. વોર્ડ નં. ૧૧ માં ૪૬,૭૩૫ પુરુષ મતદારો અને ૪૩,૪૧૧ સ્ત્રી મતદારો છે, આગામી ચુંટણીમાં અનામતના રોસ્ટર મુજબ વોર્ડ નં.૧૧ માં ૪ બેઠકોમાં પહેલી બેઠક સામાન્ય મહિલા, બીજી બેઠક સામાન્ય મહિલા, ત્રીજી બેઠક પછાતવર્ગ પુરુષ અનામત અને ચોથી બેઠક સામાન્ય વર્ગ પુરુષ આવી છે. અનામતના નવા રોસ્ટર ને કારણે તેમાં અન્ય કારણોસર આ વોર્ડ ના ભાજપના ચારેય ઉમેદવારો બદલાય તેવી શકયતા છે.

ગત ચુંટણી તરફ નજર કરીએ તો વોર્ડ નં.૧૧ માં ૨૦૨૧ થી ૨૦૨૬ ની ટર્મ માં ભાજપના ચારેય ઉમેદવાર ભારતીબેન ફર્નાન્ડીઝ પાડલીયા, લીલુબેન છગનભાઈ જાદવ, રણજીતભાઈ જેઠાભાઈ સાગઠીયા અને વિનોદભાઈ તેજાભાઈ સોરઠીયા ચુંટાયા હતા.

ગત ચુંટણીમાં વોર્ડ નં. ૧૧ માં ૭૬,૭૬૪ મતદારો હતા, તેમાંથી ૩૭,૯૭૧ એ મતદાન કરતા ૪૯.૪૬ ટકા મતદાન નોંધાયુ હતું. વોર્ડ નં. ૧૧ માં રાજકીય કાર્યકરોના સર્વે મુજબ ૨૫ હજાર લેઉઆ પાટીદાર, ૨૦ હજાર કડવા પાટીદાર, ૧૨ હજાર પ્રજાપતિ, ૧૦ હજાર અન્ય ઓબીસી સમાજ, અન્ય તમામ સમાજના અંદાજે ૨૩ હજાર મતદારો છે.

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે ભાજપે કરી તડામાર તૈયારી: ઉમેદવાર પસંદગી માટે જિલ્લા દીઠ ૩ નિરીક્ષકોની કરાઈ નિમણુંક

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની જાહેર થનારી ચુંટણી અગાઉ હવે ભાજપે ઉમેદવારોની પસંદગીનો ધમધમાટ શરૂ કરી દીધો છે. પક્ષ દ્વારા પહેલા કોર કમિટીની રચના બાદ ગઈ કાલે પ્રદેશ ચુંટણી સમિતિની જાહેરાત કરી હતી અને તેમાં પક્ષના દિગ્ગજ નેતાઓને પણ સમાવી લેવાયા છે.

આજે ગાંધીનગરમાં કમલમ ખાતે બેઠકોનો દોર શરૂ થયો હતો. પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, સંગઠન મહામંત્રી રત્નાકર પ્રદેશ કાર્યાલય માં જ સતત બેઠકોનો દોર ચલાવી રહ્યા છે. આજે બપોરે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ મંત્રી મંડળ સાથે કમલમ પહોચ્યા હતા. પક્ષના સુત્રોના જણાવ્યા મુજબ ચુંટણી સમિતિની વ્યવસ્થા પણ ગોઠવાઈ રહી છે. જેમાં પ્રથમ ઉમેદવારોની પસંદગી માટે સેન્સ ની પ્રક્રિયા ની નિશ્ચિત કરાશે. સુત્રોએ કહ્યુ હતુ કે મુખ્યમંત્રી ઉપરાંત પ્રદેશની ટીમ દ્વારા આજે શુક્રવારે રાજયભરમાં તમામ જિલ્લા મહાનગરોમાં ઉમેદવારોને સેન્સ લેવા માટે ૩-૩ નિરીક્ષકોની ટીમ બનાવીને તેઓને ચાલુ અઠવાડીયામાં જ જે તે મહાનગર અને જિલ્લામાં પહોચીને સેન્સ લેવા જણાવાશે જે અંગેની યાદી આજે મોડી સાંજે તૈયાર થઈ જશે.

સુત્રોએ કહ્યુ હતુ કે મહાનગરો અને જિલ્લાઓમાં જે રીતે ઉમેદવારી માટે ભાજપમાં મોટી સંખ્યામાં દાવેદારો ઉમટે તેવી ધારણા હોવાથી પહેલા તમામ દાવેદારોને એક નિશ્ચિત ફોર્મમાં તેમની દાવેદારી કાર્યાલય ખાતે પહોચાડવા જણાવાશે અને કોણ ચુંટણી લડવા માટે યોગ્યતા ધરાવે છે. તે અંગે એક માપદંડ પણ જિલ્લા અને મહાનગરોમાં સુપ્રત કરી દેવાશે અને નિરીક્ષકોને પણ તે મુજબ જ ભલામણો આગળ ગાંધીનગર ચુંટણી સમિતિ સમક્ષ ફોરવર્ડ થાય તે ખાસ સુચના અપાશે. આમ આગામી તારીખ ૧ એપ્રિલના રોજ રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓની જાહેરાતની શકયતા વચ્ચે ભાજપે હવે તૈયારીઓને સ્પીડ ગીયરમાં નાખી છે.

### રાજકીય નિરિક્ષકોનુ માનવું છે કે ગત ચુંટણીઓ કરતા ૭થી ૧૦ ટકા મત વધુ મળે તો આપ સર્વત્ર દેખાશે

# ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓમાં આપ કાઠું કાઢશે

### રાજકોટ સહિતની પાલિકાઓમાં આપનો દબદબો ચોક્કસ વધશે- કોંગ્રેસ દ્વિતીય ક્રમે – આપના નેતાઓના વધેલા આંટાફેરા ચિત્ર બદલવા માટે પૂરતા છે

અમદાવાદ, તા. ૨૭

ગુજરાતમાં આગામી દિવસોમાં વિવિધ જીલ્લા પંચાયતો અને મહાનગરપાલિકાઓમાં ચુંટણીના બ્યુગલ ફૂંકવાની ઘડીઓ હવે ગણાઈ રહી છે. એકાદ બે દિવસમાં જ સ્થાનિક સ્વરાજ્યની આ ચુંટણીઓની તારીખો જાહેર થવાની છે વિવધ રાજકીય પક્ષોના ઉમેદવારો પણ મેદાનમાં આવી ચુક્યા છે. જો કે આ વખતની ચુંટણી છેલ્લા વર્ષોમાં રહી છે તેટલી આસાન ભાજપ માટે રહે તેવી કોઈ શક્યતા જણાતી નથી. તેવી જ રીતે આપની આક્રમકતા જોતા કોંગ્રેસ પક્ષ દ્વિતીય કક્ષાએ રહેવાના બદલે તૃતીય કક્ષાએ ધકેલાઈ જાય તેવી શક્યતાઓ દેખાઈ રહી છે.

મળતી આધારભૂત માહિતી પ્રમાણે જો પાંચ વર્ષ પૂર્વે યોજાયેલી ચુંટણીઓના આંકડાઓ ઉપર ફરીવાર એક નજર નાખવામાં આવે તો આપે હવે મેદાન સર કરવું કોઈ અઘરી બાબત નથી. કારણ કે, જો રાજકોટ મહાનગર પાલિકાના આંકડાઓ ઉપર નજર નાખવામાં આવે તો આ બાબત સ્પષ્ટ રીતે ઉડીને આંખે વળગી આવે એવી સ્વયં સ્પષ્ટ છે.

રાજકીય પંડિતોના મતને ધ્યાનમાં લેવામાં આવે તો છેલ્લા કેટલાય વર્ષોથી સ્થાનિક કક્ષાએ ભાજપ સત્તા ઉપર હોવાના એન્ટી ઈમ્કમ્બંસી એટકે કે ઘણા મોટા પ્રમાણમાં લોકોમાં નારાજગી પ્રસરી રહી છે. બીજી બાબત એ છે કે ભાજપના કાર્યકરો જેટલા સક્રિય છે તેના કરતા અનેકગણી આક્રમકતા આપના કાર્યકરોમાં દેખાઈ રહી છે. જયારે ,કોંગ્રેસ તો ક્યાય હજુ સુધી આખાય પિકચરમાં દેખાતી જ નથી. જેના કરને હાલને તબક્કે ભાજપનો સીધો મુકાબલો આપની સામે જ હોય તેવું ચિત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

રાજકોટના મીડિયા જગતના અગ્રણીઓના જણાવ્યા મુજબ આગામી મહાનગર પાલિકાની ચુંટણીઓ દરમિયાન રાજકોટ પાલિકાના ઈતિહાસમાં સૌપ્રથમવાર મોટો પડકાર ઉભો થાય તેવા સ્પષ્ટ સંજોગો દેખાઈ રહ્યા છે. વશ ૨૦૨૧મા યોજાયેલી ચુંટણીઓ કરતા આ વખતની ચુંટણીઓમાં જો આપ સાતથી દસ ટકા મત વધુ લઈ જાય તો રાજકોટ પાલિકામાં પોતાનું ખાતું શ્રેષ્ટ રીતે ખોલવા માટે સક્ષમ બની શકે તેમ છે. કારણ કે ગત ચુંટણીઓમાં એક બે નહિ પરંતુ છ વોર્ડમાં ભાજપની સામે આપ બીજા ક્રમનો પક્ષ બન્યો હતો.

સૌથી વધુ નોધપાત્ર બાબત એ છે કે, મહાનગર પાલિકાની ચુંટણીમાં પ્રથમવાર ઝૂકાવવા છતાં આપે સાડા ત્રણ લાખ જેટલા મત મેળવ્યા હતા. જોવા જઈએ તો ૨૦૨૧ની ચુંટણીમાં વોર્ડ નંબર-૧મા કોંગ્રેસના ઉમેદવારને ૧૩,૮૮૮ અને આપના ઉમેદવારને ૨૧,૪૨૧ જેટલા મત મળ્યા હતા. તેવી જ રીતે વોર્ડ નંબર-૪મા પણ કોંગ્રેસને ૨૭૩૯૧ની સામે આપના ઉમેદવારને ૩૨૦૪૪ મત મળ્યા હતા. જયારે વોર્ડ નંબર ૮માં કોંગ્રેસના ઉમેદવારને ૧૬.૧૯૪ સામે આપના ઉમેદવારને ૨૬,૫૨૨ મત મળ્યા હતા.

આજ રીતે રાજકોટ મહાનગર પાલિકાના વોર્ડ નંબર ૯મા કોંગ્રેસને ૨૧,૪૬૬નિ સામે આપને ૨૧,૬૫૪, વોર્ડ નંબર ૧૧માં કોંગ્રેસના ઉમેદવારને મલેલા૨૬,૩૯૩ મતની સામે આપને ૩૧,૪૧૨ અને વોર્ડ નંબર ૧૪માં કોંગ્રેસના ઉમેદવારને મળેલા ૧૬,૧૧૮ મતની સામે આપના ઉમેદવારને ૨૧,૪૬૧ મત મળ્યા હતા.

તેથી જો આગામી ચુંટણીઓમાં મતદાનની સંખ્યા વધે અને તેની ટકાવારી ઉંચી જાય તો સીધી ટક્કર ભાજપ અને કોંગ્રસના બદલે આપ અને ભાજપની વચ્ચે થવાની પૂરી શક્યતાઓ વર્તાઈ રહી છે. વર્ષ ૨૦૨૧ની ચુંટણીઓમાં ભાજપે ૧૦,૬૩,૪૬૬ મત મેળવ્યા હતા જયારે કોંગ્રેસે ૪,૮૨,૮૬૫ અને આપે ૩,૪૫,૪૬૬ મત મેળવ્યા હતા. વર્ષો જૂની કોંગ્રેસ પાર્ટીની સામે આપે પ્રથમ વાર ચુંટણી લડવા સાથે સારું એવું કાઠું કાઢ્યું હતું. જયારે આ વખતે તેની આક્રમકતા અત્યારથી જ દેખાઈ રહી છે જેની સાથે સાથે કોંગ્રેસ કાર્યકરોની નિષ્ક્રિયતા પણ ઉડીને આંખે વળગે તેવી છે. આ સમગ્ર બાબતને જોતા તેમજ રાજ્યની અન્ય મહાનગરપાલિકાઓની સ્થિતિ જોતા આપના કાર્યકરોમાં રહેલો થનગનાટ ચુંટણીનાં પરિણામો બદલી નાખે તો નવી પામવા જેવું નહિ રહે.

# ગુજરાત ભાજપે સહપ્રવકતા અને સહમીડીયા ઈન્ચાર્જની ટીમ જાહેર કરી: સાબરકાંઠા જિલ્લાની કરાઈ બાદબાકી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપે તેના પ્રવકતા અને મીડીયા સહપ્રવકતા તથા ઈન્ચાર્જ ની નવી ટીમની જાહેરાત કરી છે. જેમાં પ્રવકતા તરીકે વલસાડના સાંસદ ધવલભાઈ પટેલ, અમદાવાદ અગ્રણી અશ્વિનભાઈ બેંકર, મહેસાણા ના જયરાજસિંહ પરમાર, અમદાવાદ જિલ્લાના ઘનશ્યામભાઈ ગઢવી, કચ્છના મનજીભાઈ આહીર, સુરતના પૂર્વ મેયર હેમાલીબેન બોઘાવાલા તથા અગાઉ પ્રવકતા તરીકે ફરજ બજાવી ગયેલ શ્વેતાબેન બ્રહ્મભટ્ટને જવાબદારી સોંપવામાં આવી છે. આ ટીમમાં પણ સાબરકાંઠા જિલ્લાની બાદબાકી કરવામાં આવી છે. સાબરકાંઠા જિલ્લાની બોદી નેતાગીરીને કારણે સાબરકાંઠા જિલ્લાને કોર કમિટીમાં પણ સ્થાન આપવામાં આવ્યુ નથી, કેટલાક સીનીયર મંત્રીઓને લેવામાં આવ્યા અને તેમાં પણ સાબરકાંઠા જિલ્લાના ઈડરના ધારાસભ્ય અને પૂર્વ અધ્યક્ષ તેમજ સીનીયર મંત્રી રમણલાલ વોરાની બાદબાકી કરવામાં આવતા સમર્થકોમાં નારાજગી વર્તાઈ જવા પામી છે. તો બીજી તરફ મીડીયા સહઈન્ચાર્જ તરીકે અમદાવાદના ઝુબીન આશરા અને ગાંધીનગરના કલ્પના પટેલને જવાબદારી સોંપવામાં આવી છે. પ્રદેશ પ્રવકતા તરીકે અનીલ પટેલ અગાઉથી જ જવાબદારી સંભાળી રહ્યા છે. પક્ષના મહામંત્રી અને કમલમમાં ઈન્ચાર્જ શ્રી પ્રશાંત કોરાટે આ જાહેરાત કરી હતી.

# નવસારી જિલ્લાના જલાલપોરના ૩૩ બળવાખોર ભાજપ નેતાઓના રાજીનામા સ્વીકારાયા

પ્રતિનિધિ,ગાંધીનગર




નવસારી જિલ્લા ભાજપ સંગઠનમાં ચાલી રહેલા આંતરીક અસંતોષ અને બળવાખોર તેવર સામે પ્રદેશ ભાજપે લાલ આંખ કરી છે. ખાસ કરીને જલાલપોર તાલુકામાં ભાજપ પ્રમુખ સહિત કાર્યકરોના સામુહિક રાજીનામા ના દોર બાદ પક્ષે નમતુ જોખવાને બદલે કડક શિસ્તબધ્ધ કાર્યવાહીનો માર્ગ અપનાવ્યો છે. જલાલપોર તાલુકા ભાજપમાં પડેલા ૫૮ જેટલા રાજીનામા પૈકી જિલ્લા ભાજપે ૩૩ જેટલા રાજીનામા તાત્કાલીક અસર થી સ્વીકારી લઈને બળવાખોરોને ઘરભેગા કરી દીધા છે.

રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યુ છે કે શિસ્તભંગ કરનારા તત્વો સામે દાખલો બેસાડવા માટે પ્રદેશ સંગઠનની સીધી સુચનાથી આ કાર્યવાહી કરવામાં આવી છે. જે કાર્યકરોએ દબાણ ઉભુ કરવા માટે રાજીનામા ના હથિયારનો ઉપયોગ કર્યો હતો. તેમને જ પક્ષમાંથી વિદાય આપી દેવામાં આવી છે. આ મોટા ફેરબદલને પગલે જિલ્લા ના રાજકારણમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. ભાજપ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે પક્ષમાં શિસ્ત સૌથી ઉપર છે. અને કોઈપણ પ્રકારની બળવાખોરી સાંખી લેવામાં આવશે નહી, રાજીનામા સ્વીકાર્યા બાદ વિલંબ કર્યા વિના પ્રદેશ માળખાની સુચનાથી જલાલપોર તાલુકાનુ નવુ સંગઠન માળખુ પણ જાહેર કરી દેવામાં આવ્યુ છે. નવા માળખામાં પક્ષને વફાદાર રહેનારા ચહેરાઓને સ્થાન આપીને સંગઠનને ફરી બેઠુ કરવાની કવાયત હાથ ધરાઈ છે. આ આક્રમક વલણથી અન્ય અસંતુષ્ટ જુથોમાં પણ ફફડાટ વ્યાપી ઉઠયો છે. આગામી દિવસોમાં નવુ માળખુ કેવી રીતે કામગીરી કરે છે અને બળવાખોરોનુ આગળનુ પગલુ શું હશે તેના પર સૌની નજર મંડાયેલી છે.

# સરખેજમાં બંધ ગાડીમાંથી અજાણ્યા શખસનો મૃતદેહ મળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના સરખેજ વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. છેલ્લા આઠ મહિનાથી એક બિલ્ડિંગની બાજુમાં બંધ હાલતમાં પડેલી એક લકઝુરિયસ એસયુવી કારમાંથી અંદાજે ૪૦ વર્ષીય શખસનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે. આ મામલે પોલીસે તાત્કાલિક ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ની ટીમને બોલાવી તપાસ હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, સરખેજ વિસ્તારમાં બિલ્ડિંગની બાજુમાં એક લક્ઝુરિયસ એસયુવી કાર લાંબા સમયથી પાર્ક હતી. આ કારમાંથી અચાનક અસહ્ય દુર્ગંધ આવવા લાગતા ત્યારથી પસાર થતા લોકોએ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાર ખોલીને તપાસ કરતા અંદરથી એક પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃત શખસના હાથ પર કોમલ અને મિલનના નામનું ટેટૂ કરાયેલું છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, મૃતદેહની હાલત જોતા શખસનું મોત અંદાજે બે દિવસ પહેલા થયું હોવાનું જણાઈ રહ્યું છે. જે લક્ઝુરિયસ એસયુવી કારમાંથી મૃતદેહ મળ્યો છે, તે છેલ્લા આઠ મહિનાથી ત્યાં બંધ હાલતમાં પડી હતી.